આસો માસમાં શાશ્વતી આયંબિલની ઓળીની આરાધના પૂર્ણ થઈ ને તરત જ આસન્ન ઉપકારી શ્રીમહાવીરસ્વામી ભગવાનના નિર્વાણકલ્યાણક દિનની ભવ્ય ઉજવણી અંગેની તૈયારીઓ શરૂ થઈ ગઈ. શ્રમણભગવાન મહાવીરસ્વામીના નિર્વાણકલ્યાણકને ૨૫૦૦ વર્ષ પૂર્ણ થતા હોવાથી આ વખતે અપૂર્વ ઉલ્લાસથી આરાધના કરવાનો સકલ સંઘમાં ભારે ઉત્સાહ હતો.

ગોપીપુરા માળીફળિયાના ભાઈ-બેનો તરફથી આ માટે ભવ્ય મંડપ બાંધવામાં આવ્યો હતો. દીવાળી કલ્પનાં વ્યાખ્યાનો તથા નૂતનવર્ષે પ્રભાતમાં નવસ્મરણ તથા શ્રી ગૌતમસ્વામીના રાસનું વાંચન મંડપમાં રાખવામાં આવ્યાં હતાં. તથા જ્ઞાનપંચમીની આરાધના પણ આ મંડપમાં થઈ હતી.

પરમ ઉપકારી શ્રી મહાવીરસ્વામી ભગવંતના ૨૫૦૦ મા શ્રી નિર્વાણકલ્યાણક દિનની ભવ્ય ઉજવણી નિમિત્તે નાણાવટમાં આવેલ **શ્રી મહાવીરસ્વામી ભગવંતના સમોસરણના દહેરાસરમાં** વહીવટદારોએ પોતાના ખર્ચે ભવ્ય મહોત્સવ ઉજવ્યો. તે નિમિત્તે વિવિધ રચનાઓ પણ કરવામાં આવી હતી. લાઈટ તથા કમાન ગોઠવણી વગેરેનું આકર્ષક ડેકોરેશન કરવામાં આવ્યું હતું. જૈન તેમ જ જૈનેતર હજારો ભાઈ-બેનોએ [illegible] લીધો હતો. બધાં ભૂરિ ભૂરિ પ્રશંસા કરતાં હતાં અને ભગવાન પ્રત્યે [illegible] દર્શાવતાં હતાં.

આ જ પ્રસંગને અનુરૂપ **શ્રી જૈન આગમમંદિરમાં** પણ મહોત્સવ રાખવામાં આવ્યો હતો. લાઈટની રચના વગેરે ડેકોરેશન કરવામાં આવ્યું હતું. **સમોસરણના** વહીવટદારોએ આગમમંદિરથી ભવ્ય વ્યાખ્યાનોના વરઘોડા કાઢવાની ભાવના [illegible] અને દિવાળીને દિવસે સવારે ૯ વાગે વ્યાખ્યાનના [illegible] કાઢવામાં આવ્યો હતો. તે [illegible]

માર્ગો પર ફરીને સમોસરણને દહેરે દર્શન ચૈત્યવંદનાદિ કરીને આગમમંદિરે ઉતર્યા હતા. ઘણે ઠેકાણે સંઘનું બહુમાન કરવામાં આવ્યું હતું. આ નિમિત્તે ગરીબોને નાસ્તો આપવામાં આવ્યો હતો તેમજ જીવદયા અંગે જીવો છોડાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે ગોપીપુરાના શ્રી મહાવીરસ્વામીના દહેરાસરે પણ ઓચ્છવ કરવામાં આવ્યો હતો. સંઘમાં જયજયકાર હતો. ઘણો જ ઉલ્લાસ હતો. સમોસરણના દહેરાસરના વહીવટદારોએ ખૂબ ઉલ્લાસપૂર્વક ઉજવણી કરી હતી. તે પ્રશંસનીય છે.

આ પ્રસંગને અનુરૂપ **શ્રી આગમોદ્ધારક સંસ્થા હસ્તક શ્રી મોતીચંદ કસ્તુરચંદ ચોકસી** સાધુ સાધ્વી વૈયાવચ્ચ ફંડ તરફથી સુરત શહેરમાં ચાતુર્માસ બિરાજમાન સર્વ મુનિમહારાજો તથા સાધ્વીજી મહારાજોને (જેમની સંખ્યા ૯૧ હતી) કામળી વહોરાવવામાં આવી હતી તેમજ 'શ્રમણ ભગવાન મહાવીર અને દીપાલિકા પર્વનું માહાત્મ્ય' નામનું પુસ્તક આપવામાં આવ્યું હતું.

ચાતુર્માસ પરિવર્તન—કારતક સુદ પૂનમને દિવસે મંગલ પ્રભાતે વાજતે ગાજતે સંઘ સહિત પૂ. મુનિરાજશ્રી ગુણસાગરજી મહારાજ સાહેબ તથા મુનિશ્રી અરુણોદયસાગરજી મહારાજ સાહેબ ગોપીપુરા શ્રી ધર્મનાથજી દહેરાસરે જ્યાં શ્રી સિદ્ધાચલજીનો પટ બાંધવામાં આવ્યો હતો ત્યાં પધાર્યા હતા. સકલ સંઘ સાથે દર્શન ચૈત્યવંદન કરેલ તથા સિદ્ધાચલજીના દુહા સહિત ખમાસમણાં દેવામાં આવ્યાં હતાં ત્યાંથી સકલ સંઘ સાથે પૂ. મુનિશ્રીએ **શ્રી મોતીચંદ હીરાચંદ ઝવેરીના** ગોપીપુરા સુભાષચોકના નિવાસસ્થાને ચાતુર્માસપરિવર્તન માટે પધાર્યા હતા. માંગલિક સંભળાવવામાં આવ્યું હતું ને

પ્રભાવના વહેંચવામાં આવી હતી. સાંજે પ્રતિક્રમણ કરનારાઓને રૂ[illegible]યાની પ્રભાવના આપવામાં આવી હતી.

આ ચોમાસા દરમિયાન જે આવાં બધાં અનેક ધર્મપ્રભાવનાનાં કાર્યો ઉત્સાહભેર થયા તથા હવે થશે તે **પરમપૂજ્ય આગમોદ્ધારક આચાર્યદેવશ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબની અદૃશ્ય પુનિત છાયાને આભારી છે.**

સૂરત શહેરમાં થયેલ
શ્રી મહાવીરસ્વામી ભગવાનના ૨૫૦૦મા નિર્વાણકલ્યાણક મહોત્સવની ભવ્ય ઉજવણી

વિક્રમ સંવત ૨૦૩૦ના ચાતુર્માસ દરમ્યાન પરમ પૂજ્ય આગમોદ્ધારક આચાર્યદેવશ્રી **આનંદસાગરસૂરીશ્વરજી** મહારાજના શિષ્યરત્ન પ્રખર અનુરાગી વૈયાવૃત્યપરાયણ પૂ. મુનિરાજશ્રી **ગુણસાગરજી** મહારાજ સાહેબ તથા સરળ સ્વભાવિ પ. પૂ. ગુરુદેવ શ્રી **અરુણોદયસાગરજી** મહારાજ સાહેબની નિશ્રામાં થયેલ અનેકવિધ પુણ્યકાર્યોમાં સહુથી યાદગાર પર્વ તો **શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના** ૨૫૦૦મા નિર્વાણ કલ્યાણકની ઉજવણી થઈ તે. જે પ્રભુના કલ્યાણકો ત્રિલોકના જીવો પણ અતિ આનંદ અને ઉત્સાહથી ઉજવે છે, જે પ્રભુના કલ્યાણકના મંગલમય દિવસો સતત દુઃખમાં સબડતા [illegible] નારકો પણ ક્ષણવાર માટે સુખનો શ્વાસ લે છે, [illegible] કલ્યાણકારી પ્રભુના કલ્યાણકની ઉજવણીના અનેરા [illegible] શ્રી સંઘ તો ધન્ય દિવસની રાહ જોવા લાગ્યો. [illegible] તે દિવસ નજીક આવતો ગયો તેમ તેમ શ્રી સંઘમાં આનંદ અને ઉત્સાહ અનેકગણો વધવા માંડ્યો.

[illegible] મહાવીરસ્વામીજીના [illegible]

વદ ૧૧થી કારતક સુદ એકમ સુધી પાંચ દિવસનો મહોત્સવ રાખવામાં આવ્યો હતો. રોજ પ્રભુજીને સુંદર અંગરચના થતી હતી અને દહેરાસરજીને રોશનીથી શણગારવામાં આવ્યું હતું. તેમજ પ્રભુના નિર્વાણ કલ્યાણકનો વરઘોડો દહેરાસરજીએ આવતાં શ્રી સંઘનું સાકરના પાણીથી ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

ગોપીપુરા **શ્રી વર્ધમાન જૈન તામ્રપત્ર આગમ મંદિરે** આસો વદ ૧૧થી કા સુ. ૧ સુધી પાંચ દિવસનો મહોત્સવ રાખવામાં આવ્યો હતો. રોજ પ્રભુજીને ભવ્ય અંગરચના કરવામાં આવતી હતી અને દહેરાસરજીને કલાત્મક રીતે રોશનીથી શણગારવામાં આવ્યું હતું. આ ઉપરાંત, મોક્ષમાર્ગના ત્રણ મૂળભૂત અંગો સમ્યગ્દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ચારિત્રની ભક્તિ કરવાના શુભ હેતુથી આગમમંદિરમાં દર્શન પદની ભક્તિ નિમિત્તે રોજ પ્રભુજીને ભવ્ય અંગરચના તથા પૂજા વગેરે કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, જ્ઞાનપદની ભક્તિ નિમિત્તે **"શ્રમણ ભગવાન મહાવીર અને દીપાલિકા પર્વનું માહાત્મ્ય"** એ નામના પુસ્તકનું પ્રકાશન કરવામાં આવ્યું અને ચારિત્રપદની ભક્તિ નિમિત્તે સૂરત શહેરમાં બિરાજતાં દરેક સાધુ–સાધ્વીજી ભગવંતોને કામળી વહોરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો અને તે મુજબ કારતક સુદ પૂર્ણિમાને દિવસે સૂરતમાં બિરાજતાં ૯૧ જેટલા સાધુ–સાધ્વીજી ભગવંતોને કામળી તથા 'શ્રમણ ભગવાન મહાવીર અને દીપાલિકા પર્વનું માહાત્મ્ય'નું પુસ્તક વહોરાવી લાભ લેવામાં આવ્યો હતો.

શ્રમણભગવાન મહાવીર પરમાત્માની દેશનાના પ્રસંગનું સ્મરણ કરાવતું વિશાળકાય **સમવસરણવાળું ભવ્ય જિનમંદિર શ્રી સૂરતના આંગણે** નાણાવટમાં

વળી પાલીતાણામાં ૨૫૦૦ લગભગ પ્રતિમાઓનો અંજનશલાકા મહોત્સવ થએલ. તેમાં ૪૦૦૦૦ માણસોની હાજરી હતી. અને મહામંગલકારી મહોત્સવના ૧૩ દિવસમાં પાલીતાણામાં કોઈનું ય મૃત્યુ થયું નહોતું, મસાણ (શ્મશાન) બંધ, આ જ શાસનનો મહાન્ પ્રભાવ. આ બધું બનવું પૂર્વભવની મહાન્ પુણ્યાઈ હોય તો જ બને. ખરેખર તેઓશ્રીના પુણ્યે જ બન્યું છે.

આવી જીવનપર્યંત આગમસાહિત્યસેવા, સંઘસેવા, તીર્થસેવા અને શાસનમાં અનેક ધાર્મિક પ્રસંગો–ઉદ્યાપનો, દીક્ષાઓ, પ્રતિષ્ઠાઓ કરાવનાર અને અંત સમયે પંચમકાળમાં અદ્વિતીય અંતિમ આરાધના કરનાર પૂજ્યપાદ, આગમવાચનાદાતા, આગમપુરુષના ઉપદેશક યુગપ્રધાન–સદૃશ મહાપુરુષે પાલીતાણામાં વિક્રમ સંવત્ ૧૯૯૯ના મહા વદ ૨ના રોજ આગમમંદિરમાં અનેક સંખ્યક પ્રતિમાજીઓની અંજનશલાકા અને મહા વદ ૫ના પ્રતિષ્ઠા તથા સૂરતમાં વિક્રમ સંવત્ ૨૦૦૪ના મહા સુદ ૩ શુક્રવારે શ્રી વર્દ્ધમાનજૈનતામ્રપત્રાગમમંદિરમાં વિરાજમાન પ્રતિમાજીઓની પ્રતિષ્ઠા કરાવનાર અને સૂરતમાં શે. મંછુભાઈ દીપચંદની ધર્મશાળામાં વિક્રમ સંવત ૨૦૦૫ના ચાતુર્માસમાં પોતાનો અંતસમય જાણી અંતિમ આરાધના માટે 'આરાધના-માર્ગ' નામના ગ્રંથની રચના કરનારા, વિક્રમ સંવત ૨૦૦૬ના વૈશાખ સુદ [illegible]થી પંદર દિવસ અનશન [illegible] પૂર્વક અર્ધપદ્માસને મૌન અવસ્થામાં રહી તેમાં જ વિક્રમ સંવત ૨૦૦૬ના વૈશાખ વદ ૫ શનિવાર સ્ટા. ટા. ૪ ક. ૩૨ મિ. [illegible] પોતાના આનન્દ [illegible] [illegible] શ્રી [illegible] મહારાજના [illegible] [illegible] નમસ્કાર-મહામંત્રનું [illegible] [illegible] [illegible].

સં. ૨૦૩૦ ના અષાડ સુદ ૧૪ (ચૌમાસી ચૌદસ)થી સં. ૨૦૩૧ ના કારતક સુદ ૬ સુધીની આરાધનાએ।

અષ્ટ મહાસિદ્ધિતપ

૯૬ જિનનાં એકાસણાં

દીપક તપ એકાસણાં

શ્રી સિદ્ધાચલજીની આરાધના

શ્રીપાર્શ્વનાથપ્રભુજીની આરાધના

દીવાળી પર્વની આરાધના

સો ઉપરાંત બાલક–બાલિકાઓ તથા બેનોએ હરેક તપશ્ચર્યામાં ભાગ લીધો હતો. હરેક પ્રસંગે સારી પ્રભાવના કરવામાં આવી હતી. તપશ્ચર્યા કરનારાઓને લીમડાના ઉપાશ્રયમાં નીચે એકાસણાં કરાવવામાં આવતાં હતાં. જેની બધી સુવ્યવસ્થા શ્રી દીપચંદ જીવણચંદ ઝવેરીએ કરી હતી. સિદ્ધિતપવાળા પ્રવીણાબેન સુરેશચંદ્રે ખુબ ઉત્સાહપૂર્વક હરેક કામમાં ભાગ લીધો હતો.

શ્રી સિદ્ધગિરિ મહાતીર્થની રચના

શ્રી સમેતશિખરજી મહાતીર્થની રચના

શ્રી પાવાપુરીની રચના

શ્રી મહાવીરસ્વામી ભગવંતના પાંચ કલ્યાણક અંગેની રચનાઓ

શ્રી જ્ઞાનપંચમીની રચના

[illegible]
[illegible] કરી હતી. [illegible]

દનીય છે. દરેક રચનાઓની સમન્ર્ટલર્ગીલ બોર્ડોથી
મૌખિક રીતે બાળકો જેવા આવનારાઓને સચોટ રીતે
વતા હતા. જેથી આવનારાઓને દરેક પ્રસંગની સમજ
હતી અને તેઓ આનંદ પામીને જતા હતા.

તીર્થંકર શ્રીમહાવીરસ્વામી ભગવંતને નિર્વાણ પામ્યાને
૦ વર્ષ પૂર્ણ થયા તે નિમિત્તે—

૨૫૦૦ સાથિયા
૨૫૦૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ
૨૫૦૦ ખમાસમણાં
૨૫૦૦ નવકારવાળી

ઉપરની આરાધના ઉપાશ્રયે આવતાં બેનો તથા
ક–બાલિકાઓએ ઉલ્લાસપૂર્વક કરી હતી. કલ્યાણકોની
ા આગળ સિંહાસનમાં પ્રભુજી પધરાવીને ઝવેરાતની આંગી
માં આવી હતી લાઈટનું આકર્ષક ડેકોરેશન કરવામાં
યું હતું.

સ્તવનમાં કહ્યું છે કે "લાખ કોડિ ફળ પામીએ
ધ્યાને રહીએ" તે ધ્યાનમાં રાખીને એક લાખ અખંડ
તનો સુંદર સ્વસ્તિક રચવામાં આવ્યો હતો.

આખા ચોમાસા દરમિયાન એકધારાં ધર્મકાર્યો થતાં જ
ાં તે પરમપૂજ્ય ધ્યાનસ્થ ગુરુદેવ આગમોદ્ધારકશ્રી
નન્દસાગરસૂરીશ્વરજી મહારાજશ્રીની અદૃશ્ય પુનિત છાયાને
ભારી છે.


ચોમાસાં દરમિયાન થયેલ દરેક કાર્યોમાં ટ્રસ્ટીઓએ સારો
હકાર આપ્યો હતો.

ચાતુર્માસમાં થયેલ આરાધનાની અનુમોદના ચાતુર્માસ
ર્ણ થયા છતાં લોકો કરી રહ્યા છે. એ જ સાચી ધર્મપ્રભાવના છે.

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

णमो आगमोद्धारयाणं

આગમધરસૂરિ દેશના સંગ્રહ



वचनाद्यदनुष्ठानमविरुद्धाद्यथोदितम् ।
मैत्र्यादिभावसंयुक्तः तद्धर्म इति कीर्त्यते ॥

સુખ સંબંધિ એક સરખી માન્યતા

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય શ્રીમાન્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા આગળ સૂચવી ગયા કે આ જગતમાં मुण्डे मुण्डे मतिर्भिन्ना અર્થાત્ દરેક દરેક ખોપરીએ ખોપરીએ વિચાર-ભેદ, બુદ્ધિભેદ હોઈ શકે છે. પરંતુ સકળ ગતિના જીવોમાં સકળ જીવોના ભેદોમાં એક ચીજમાં બે મત નથી. કોઈપણ જીવના ભેદમાં, કોઈપણ અવસ્થામાં અર્થાત્ બાલ્યકાળમાં, યુવાવસ્થામાં, વૃદ્ધાવસ્થામાં, કોઈપણ વ્યક્તિમાં આ ભેદ નથી, કયો ભેદ? સુખ ન જોઈએ એ ઇચ્છા વગરનો જીવ જ નથી.

હે જિન! કેવળજ્ઞાન વગર સ્વરૂપથી સૂક્ષ્મ એવા અનંતકાયો જાણી શકાય તેમ નથી. કેવળજ્ઞાની એવા તમારાથી ત્રસ અને સ્થાવર બધા જીવોને સમાનપણે મનુષ્યો જાણે છે.

સુખની માન્યતાના સમાન ભાવને જણાવતાં જેઓ કહેતા હતા તે શ્લોકમાં આ રીતે કલિકાળ ભગવાન્ હેમચન્દ્રસૂરીશ્વરજીને સુધારો કરવાની જરૂર પડી તે બીના આપણે આગળ વિચારશું. જુઓ, એક પંડિતે શિષ્યને કીધું કે બેટા પઢિયે ‘માતૃવત્ પરદારેષુ.’ આ સૂત્ર સાથ શિષ્યને ભણાવી દીધું કે બીજી સ્ત્રીઓ પ્રત્યે માતાની જેમ વર્તાવ રાખવો. તે શિષ્ય તે સૂત્ર શીખીને માતાની સાથે લાડ–ગેલ કરનારો પુત્ર બીજી સ્ત્રીઓ સાથે તેવો વર્તાવ કરવા ગયો અને માર ખાધો. પંડિતજીએ કીધું કે આ સૂત્રથી ખાસ સમજનેકા ભૂલ ગયા. જૈસી માતા પ્રત્યે વિકારી દ્રષ્ટિ થતી નથી વૈસા વર્તાવ પરસ્ત્રીઓ પ્રત્યે રાખવો. દૂસરે દિન દૂસરા સૂત્ર શીખવાયા. બેટા પઢિયે ‘પરદ્રવ્યેષુ લોષ્ઠવત્.’ પરધનમાં ઢેફા જૈસી બુદ્ધિ રખના. આ સૂત્ર શીખીને શરાફની દુકાને ચઢયો અને રૂપીઆ-પૈસાની ઢગલીઓ રસ્તા ઉપર ફેંકવા લાગ્યો. દુકાનના માણસોએ મળીને ખુબ માર માર્યો. ગુરુજીએ કીધું, ‘સૂત્રભાવ યહ નહીં હૈ, કિન્તુ માટી ઢેફા ઉપર લોભદ્રષ્ટિ હોતી નહિ હૈ, વૈસા વર્તાવ દૂસરા ધન દેખકર રખના.’ તીસરે દિન आत्मवत् सर्व भूतेषु યહ સૂત્ર શીખવાયા. પોતાના આત્માની જેમ બીજાને ગણવો. પોતે જમેલો હોય તો બીજાને જમેલો જાણવા. પોતે ધનવાન્ હોય તો દરેકને ધનવાન્ ગણવા, પોતે વિદ્વાન્ હોય તો બીજાને વિદ્વાન ગણવા. આ સૂત્રથી અનર્થ થતો દેખીને કલિકાળ સર્વજ્ઞ શ્લોક રચના કરી ભાવાર્થને બંધબેસતો કર્યો શું

આત્મજ્ઞાનથી હીન એવા તેઓ, જીવો અનંતા છે એવું પ્રમાણ- [illegible] જાણતા નથી, તેથી તેઓ કહે છે કે [illegible] મોક્ષમાં જનારને [illegible] જગ્યા [illegible] છે આ પ્રમાણે તેવા જીવોને [illegible] છે, [illegible] છે, [illegible] સંસારથી મોક્ષ નથી.

સુધારો કર્યો? દરેક વાતમાં આ સૂત્રનો શબ્દાર્થ લેવો નહિ. પણ સુખદુઃખ પ્રિયાપ્રિયે એ વાક્યને જોડીને 'આત્મવત્ સર્વભૂતેષુ 'ને વિચારવાથી સૂત્રનો ભાવાર્થ સાર્થક થશે સુખ મને વહાલું છે તેવું દરેકને વહાલું છે. દુઃખ મને ગમતું નથી તેમ જગતને દુઃખ અળખામણું છે. આ ઉપરથી જગતના જીવ માત્રને સુખ પ્રિયકારી છે અને દુઃખ અપ્રિયકારી છે.

દરેક સ્થળે સરવાળા બાદબાકી એક સરખા ગણો.

મારા આત્માને જેવું સુખ વહાલું છે તેવું જ બીજા આત્માને વહાલું છે. જીવ માત્રને સુખ વહાલું છે અને દુઃખ અળખામણું છે. ચોપડામાં જમા બાજુમાં અને ઉધાર બાજુમાં સરવાળો, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર કરવા પડે તો એક સરખી રીતે કરે. શાહુકારને એવું કોઈપણ સ્થળ નથી કે જમાની અને ઉધારની રકમના સરવાળા જુદી રીતે કરવા, કારણ કે જુદી રીતે કરે તો બેઈમાન. તેવી રીતે તમારા જીવને સુખી માનો છો તે જ રીતિએ બીજાના જીવને જીવ જ માનતા નથી. કાળીઆ જોડે પીળીઓ બાંધ્યો તો 'સાન નહિ પણ વાન' આવે. તેવી રીતે તમને કોઈ પૂછે કે તમે કોણ? તો તમે કહેશો કે અમે જૈન? ઠીક પૂછશે કે જીવ કહેવાય કોને? તમે કહેશો કે હાલે ચાલે તે જીવ. શું થયું? તમે ત્રસ જીવોને જીવ માન્યા અને સ્થાવર જીવોની અર્થાત્ પૃથ્વી અપ તેઉ વાઉ વનસ્પતિ જીવની કિંમત જીવપણાની ભૂલી ગયા. કારણ કે મિથ્યાદર્શનીના સમાગમમાં તેનો રંગ તમને લાગી ગયો. અર્થાત્ મિથ્યાત્વીઓ સાથે બેસવું, ઊઠવું, બોલવું–ચાલવું થયું તેથી આ પાશ લાગી ગયો. આ ઉપરથી

ચિત્તનું પાપના બંધમાં ઘણું બળ હોય છે. જ્યારે શુદ્ધ શ્રદ્ધા કેટલે શ્રદ્ધાવાળું ચિત્ત હંમેશાં શુદ્ધ માર્ગમાં પ્રવર્તે છે.

મને દુઃખ થાય તે છકાયના જીવોને થાય આ સરવાળો મગજમાંથી ખસી ગયો. આ તો અમારા સોનાના ભાવ ૨૪ રૂપિયા તોલાનો અને તમારા સોનાનો તોલા એકનો ભાવ એક આને તોલો ગણ્યો. સોનાનો ભાવ મારા તારા ઉપર ચોકસીને ત્યાં ન હોય. તેવી રીતે મારા જીવને સુખ જોઈએ, દુઃખ થવું ન જોઈએ અને બીજા જીવો છેદાય, ભેદાય, રંધાય, દબાય તો આપણને અરેકાર નહિં. સમજવું જોઈએ કે આપણા આત્મા જેવી કિંમત જગતના જીવ માત્રની ગણી નથી. વ્યાપારની દરેક લેવડદેવડમાં સરવાળા બાદબાકી ગુણાકારાદિ સરખા હોય તો ઈમાનદારી. કશ તાપ છેદથી ઉત્તીર્ણ થયેલા સોનાની કિંમત એક સરખી. તેવી રીતે ચેતનાવંત જીવ માન્યો એટલે સુખ દુઃખનો વ્યવહાર પણ એક સરખો જ હોવો જોઈએ.

નિકાશના પ્રતિબંધવાળી ચીજોનો સંગ્રહ

ચેતનાવન્ત જીવ માનીને સુખ દુઃખનો વ્યવહાર પોતાના આત્માની જેમ કરવો. પરન્તુ સુખ કહેવું કોને? અર્થાત્ જગત્ કેવા સુખને કહાય છે?, સમાધાનમાં (૧) દુઃખ વગરનું (૨) મળ્યા પછી ચાલ્યું જાય નહિ તેવું અને (૩) સંપૂર્ણ (મળ્યા પછી ઇચ્છા થાય જ નહિ). જુઓ જીવ માત્રને સુખની પ્રીતિ છે અને દુઃખની અપ્રીતિ છે. છતાં આટલો દીર્ઘકાળ સુખ ભોગવ્યું હવે થોડા મહિના દુઃખ આવે તો સારું એવી ઇચ્છા કોઈ કરતું નથી. આટલા વર્ષ પછી દુઃખ આવે એવી ઇચ્છા માત્ર થતી જ નથી. હવે વિચારો કંચન, કામિની, કાયા

આત્માઓ જ કામને ઓળખતા નથી તો તેના વમનો ત્યાગ કેવી [illegible] કામના [illegible] સત્પુરુષોના માર્ગમાં [illegible] પોતાની શાંતિ માટે પ્રવેશ પામે?

અને કુટુમ્બ આ ચાર સાધનોથી સુખી છું એમ માનવા-મનાવવા તૈયાર થાઓ છો, અને ત્રણ વિશેષણવાળું સુખ મેળવવા મથો છો પરંતુ સુખના અર્થીને ખબર નથી કે આ સાધન દ્વારાએ સુખ મળશે કે દુઃખ રોકિયાં કરશે. જે સાધનો દ્વારા સુખી થવા મથો છો તે દુઃખથી ભરપૂર છે, મળ્યા પછી મૂકવા પડશે. જર્મનીમાં સ્થાવર જંગમ મિલ્કતો વધારનારા યહુદીઓને ખબર નહોતી કે હીટલરની સત્તાના અમલમાં બધું મૂકીને જવું પડશે જર્મની છોડીને જતી વખત બધું મૂકવું પડશે એવું યહુદીઓ જાણતા હોત તો સ્થાવર જંગમ મિલકત વધારત નહિ. અજાણ યહુદીઓ ફસાઈ ગયા પરંતુ તમે જાણી જોઈને કેમ ફસાઓ છો? કારણ કે નિકાશના સજ્જડ પ્રતિબંધવાળા પ્રદેશમાં જન્મ્યા છો છતાં જાણી જોઈને નિકાશના પ્રતિબંધવાળી ચીજો તે ભેગી કરવા પાગલ કેમ બન્યા છો?

પ્રતિબંધ વગરની ચીજ પુણ્ય-નસીબ, ધર્મ

આસ્તિક અને નાસ્તિકો વચ્ચે પુણ્ય-પાપ, સ્વર્ગ-મોક્ષ વિગેરે પદાર્થમાં મતભેદ છે, પણ 'મેળવ્યું એ મૂકવા માટે છે' એ સિદ્ધાન્તમાં મતભેદ નથી. આપણી દશાનો વિચાર કરો કે આ જન્મમાં આ સ્થિતિએ રહ્યા છીએ કે જવાના અવસરે બધું મૂકીને જવાનું છે મૂકવા અવસરે બીનશરતીએ મૂકવું પડશે જે પદાર્થોનો આકરામાં આકરો પ્રતિબંધ હોય ત્યારે પરદેશી ચલણની કિંમત વધે છે. જે દેશના રાજા મહારાજાઓને

શ્રી સર્વજ્ઞ થઅને પામેલા એવા બીજાઓના સુભગપણાની બુદ્ધિથી (સારા દેવપણે) ધર્મ કેવી રીતે હોય? જેની કુબુદ્ધિ અસ્ત થઈ છે એટલે ખરી બુદ્ધિવાળા શ્રાવકો પણ એઓના વતમાં અંશથી પણ હિત માને નહિ.

માલીક થવું એ ભયંકર હરામખોરી છે. તારા બાપે સાત દિવસ મહેનત કરી પેટે પાટા બાંધી લાખ ભેગા કર્યા. હવે તે લાખનો તું માલીક થયો તે હરામખોર ખરો કે નહિ? તું કહી શકે છે કે ભવાન્તરમાં પુણ્ય કરી મહેનત કરી છે, તો પુણ્ય માનવું પડયું. અને ન માને તો તારી હરામખોરી સાબીત થાય છે. પિતાની પ્રાર્થનાથી, માતાના મનોરથથી કે તારી ઇચ્છાથી તું આ કુળમાં આવ્યો નથી, માતાની કુક્ષિમાં રહ્યો નથી. રાખનાર નસીબ કે પુણ્ય વગર આવી શકાતું નથી અને તેથી જ પિતા-માતા અને પુત્ર તરીકે તું એ ત્રણે જણ પોતપોતાના પુણ્યની વિચારણા તારા જન્મ વખતે કરે છે. પુણ્ય અને પાપ નહિ માને તો લાકડે માંકડું વળગી ગયું માનવું પડશે. એક પુત્રને જન્મતાંની સાથે કરોડોનો વારસો, બંગલા, કુટુંબીઓ અને લોકની ખમા ખમા અને વાહવાહ વરસાવતા મળે છે. જ્યારે ગામમાં બીજે જન્મ પામનારા પુત્રને બારણામાં હેતું, કલેશ કંકાશ અને વેરઝેર મળે છે. આ બન્ને બાજુ વિચારતાં એ નક્કી થાય છે કે પુણ્ય-પાપ વગર જગતની વ્યવસ્થાનું સ્પષ્ટીકરણ થતું જ નથી.

ધાર્મિક થતાં શીખો

પુણ્ય-પાપ માનવું નથી, નસીબ માનવું નથી, ધર્મ માનવો નથી, ધર્મ કરનારાને નાડવા છે એવાઓ પણ ધર્મ ન કરે છતાં ધર્મી કહેવડાવે છે. જુઓ એક સુધારાવાળા

[illegible] માર્ગનો ઉપદેશકોની [illegible] નહિ [illegible] અધિકાર કરવું નથી. [illegible] અધિકાર [illegible] છે, જ્યારે [illegible] ઉપદેશકોની [illegible] નથી.

કરનારા પ્રધાનોને પણ તાજને વફાદાર રહેવાના સોગંદ લેવાની જરૂર પડે છે, તો જૈનશાસનને વફાદાર રહેવાની પૂર્ણ પ્રતિજ્ઞા હોવી જ જોઈએ. વફાદારી વગર સાધર્મિકપણું શોભતું નથી. બીજા દર્શનકારોના દેવોએ પૂર્વભવમાં ધર્મ કર્યો નથી. જે ભવમાં દેવ બન્યા તે ભવમાં કર્યો નથી, છતાં ધર્મ જગત સન્મુખ કેમ કહે છે? તો કહેવું પડશે કે જગતમાં ધર્મ એ કિંમતી મનાયો છે તેથી કહેવો પડે છે.

સભામાંથી એક ભાઈએ પુછ્યું કે બીજા દર્શનમાં પણ ધર્મના આચરણો દેખાય છે. ઓછા વત્તા રૂપે દેખાય છે તો પછી તે મહાપુરુષો ખરા કે નહિ? સમાધાનમાં સમજવું કે ધર્મની કિંમત ગણીને કે આત્મકલ્યાણને માટે આજના કહેવાતા મહાપુરુષો કંઈ સહન કરતા નથી. કોઈ નાત-જાત માટે, કોઈ દેશ માટે, કોઈ માનેલ રિદ્ધિસિદ્ધિ માટે સહન કરે છે તે ધર્મ કહેવાય જ નહિ. કારણ કે દુનિયાના દેખાવ પુરતો ધર્મ બોલવો છે. જૈનેતરો દુનિયાના દબાણથી દેવ-ગુરુ-ધર્મને માને છે પણ તેના વચનોમાં વિચાર અને વર્તનમાં ડગલે પગલે વિષયકષાયાદિ નજરે ચઢે છે. બ્રિટિશ શહેનશાહતમાં કોઈપણ હોદ્દા ઉપર આવનારને પ્રથમ તાજની વફાદારીની સોગંદવિધિ કરવી પડે છે. તેવી રીતે જૈનશાસનના સાધર્મિક પદે સ્થિત થનારને શાસન-દેવ-ગુરુ-ધર્મને વફાદાર રહેવું જ પડશે. વફાદારીમાં આવનારને ધર્મ આચારમાં છે કે વિચારમાં? વિચારયુક્ત ધર્મ કેવો હોય? અને આચાર-યુક્ત ધર્મ કેવો હોય? તે અંગે વર્ણન.

દાન [illegible] નાશ માટે છે, શીલ ઇન્દ્રિયના નિગ્રહ માટે [illegible] માટે છે અને [illegible] નાશ માટે [illegible] છે.

ફળપ્રાપ્તિ કરનારના કથનના હિસાબે ફળનું સ્વરૂપ કહેવું તથા દેખાડવું હોય તે જુદી વાત છે, પરંતુ સ્વયમેવ અખતરો કરી, કષ્ટ વેઠીને ફળ મેળવ્યું હોય તેવાઓ ફળનું સ્વરૂપ કહે અને દેખાડે તે અદ્વિતીય અપૂર્વ વાત છે. અપૂર્વ જ્ઞાનસાધન પ્રાપ્ત થયા છતા સંયમ વગર સાધ્ય સિદ્ધિ અને સાધ્ય સિદ્ધિના વધામણા સેંકડો કોસ દૂર છે. આ પ્રસંગમાં પ્રત્યક્ષ દૃષ્ટાન્ત રૂપે તીર્થંકરો છે. તેથી અપૂર્વ સાધનજ્ઞાનના પ્રગળ પ્રભાવે કેવળજ્ઞાન રૂપ અપૂર્વ સિદ્ધિ પ્રાપ્ત થઈ.

શબ્દ પ્રીતિ અને પદાર્થ પ્રીતિ

જગતમાં શબ્દપ્રીતિ તરફ દોડનારા સેંકડો છે. પરન્તુ પદાર્થપ્રીતિ તરફ ધસનારા તદ્દન અલ્પ સંખ્યામાં છે. શબ્દ-પ્રીતિ અને પદાર્થ-પ્રીતિનો ફરક સમજવાની જરૂર છે. સંપ શબ્દ સૌને ગમે છે. 'તમારા ઘરમાં સંપ છે?' એ સાંભળવો સારો લાગે છે. પરંતુ સંપ ટકે કેમ? તેનું સ્વરૂપ સમજ્યા નથી. અર્થાત્ સંપ રૂપ પદાર્થ સમજ્યા નથી. સંપ શબ્દની પ્રીતિવાળો સંપ આવે કેમ અને સંપ કુસંપમાં ન પલટાય તેની ફિકર કરતો નથી. પરન્તુ સંપને સુરક્ષિત સાચવવા માટે સંપના ત્રણ પાયા સમજવાની જરૂર છે. ૧. ગુનો કરવો નહિ, ૨. ગુનાની ગાંઠ બાંધવી નહિ, ૩. ગુનેગાર ઉપર ઉપકાર કરવાનો અવસર આવે તો ચૂકવો નહિ. અર્થાત્ બીજી રીતિએ સમજીએ તો બીજાની કસુરમાં આવવું નહિ. એટલે કસુર કરવી નહિ, કસુરની માફ એટલે કસુરની ગાંઠ બાંધવી નહિ અને ગુના રૂપ

'જિનનામકર્મના બંધથી તીર્થસ્થાપના સુધીની ક્રિયા હોય છ . આશ્ચર્ય, છે કે તે તીર્થસ્થાપનાની ક્રિયા મારે હકને માટે થઈ જે ભાગ્યથા 'આ તીથની પ્રાપ્તિથી હું મોક્ષમાં જઈશ.

થતા આશ્રવની ગભરામણ નથી. 'અચરે અચરે રામ' બોલનાર પોપટને રામની મૂર્તિ ઉપર વિષ્ટા કરતાં અહંકાર નથી, તેવી રીતે આશ્રવના ભેદ બોલનાર અને ગણાવનારને આશ્રવની ભયંકરતા અને જવાબદારી, જોખમદારી સમજવાની જરૂર છે. અને તેથી સમજણના અભાવમાં અરેકાર આવતા નથી. નિશાળે ભણનાર નિશાળીઆને હિશાબ ગણતાં આવડે છે પરંતુ હિશાબની લેવડદેવડમાં જોખમદારી જવાબદારી સમજ્યો જ નથી. તેવી રીતે આશ્રવ સંવરના ભેદો બોલનાર સમજનારને નિશાળીઆ જેવી હાલત ન શોભે. પ્રકરણ કર્મગ્રન્થાદિ ભણનારને પદાર્થની પ્રીતિ થાય ત્યારે આત્માની જવાબદારી અને જોખમદારી સમજે છે. અને એ સમજ આવે ત્યારે આત્મપરિણતિ જ્ઞાન થાય. જૈનકુળમાં જન્મેલો આત્મા ઉપાશ્રયમાં જ અને દેરામાં જ આયુષ્ય (બીજા ભવનું) બાંધતો નથી. માટે આશ્રવની હેયતાનો અને સંવરની ઉપાદેયતાનો વિચાર ચોવીસે કલાક કર્યા કરો. બજારમાં કાઇસિસ (નાણાંની ભીડ) આવે ત્યારે ઇજ્જતદાર વેપારી ગભરાય છે તેવી રીતે આત્માની હાલત હાલ ચોવીસે કલાક કાઇસિસ જેવી છે માટે દુર્ગતિથી ડરનારા જીવે જરૂર ગભરાવા જેવું છે.


વિષય પ્રતિભાસાદિ ત્રણ ભેદ

આ ઉપરથી સ્વરૂપ પરિણામ પામેલા ત્રણ ભેદો જણાવાય છે. તેનું વિષયમાં જ્ઞાનના ત્રણ ભેદોમાં ૧. વિષય પ્રતિભાસ,

* [illegible] પંડિતોએ તમે કેમ પૂજતા છો ? કારણ કે [illegible] નાશથી તે મોક્ષ છે. સત્પુરુષોને ગુણાનુરાગ [illegible] છે. અને તેથી જ હે જિન ! તેઓ તમારી પૂજા [illegible] અને [illegible] જ પૂજાને યોગ્ય છે.

૨. આત્મપરિણતિ અને ત્રીજું તત્ત્વ સંવેદન જ્ઞાન જણાવે છે આ સ્થળે સાંભળનારને શંકા થાય કે મતિ શ્રુત અવધિ મનઃ-પર્યવ અને કેવળજ્ઞાન એ પાંચ જ્ઞાન છે અને તેના ૫૧ ભેદો છે તે પૈકી કોઈપણ ભેદ ઉપરમાં આવતો નથી તો તે ભેદ કયાથી લાવ્યા ? આ શંકાના સમાધાનમાં સમજવું કે પાચે આવરણ ખસવાથી પ્રગટ થતા—ઉત્પન્ન થતા એ પાંચ ભેદો છે. અને તે પાંચનો વિસ્તારથી સ્વરૂપ ૫૧ ભેદ છે. જ્યારે આ ત્રણ ભેદો પરિણતિના છે. અને વ્યાખ્યાનાદિ શ્રવણ કર્યા પછી ફળરૂપે પરિણામ પામતાં આ ત્રણ ભેદ છે. શ્રવણ કરતાં પદાર્થની ઓળખાણ થાય પણ હેય ઉપાદેયના નિર્ણયરૂપ સુધારો ન થાય તે **વિષયપ્રતિભાસ જ્ઞાન,** પદાર્થની ઓળખ સાથે તે પદાર્થ આત્માને કેટલો હિતકર અને કેટલો હાનિકર છે એ વિચારણા સાથે આત્મ સાથે વહેંચણ કરે તે **આત્મપરિણતિ જ્ઞાન** અને ત્રીજા **તત્ત્વસંવેદનમાં** હેય ઉપાદેયના નિશ્ચયપૂર્વક યથાશક્તિ પ્રવર્તન હોય છે. પ્રથમ વિષય પ્રતિભાસમા હેય-ઉપાદેયની વિચારણા વગર માત્ર પદાર્થની ઓળખ, બીજા આત્મપરિણતિ જ્ઞાનમાં વર્તન વગર હેય ઉપાદેયની વિચારણા રૂપ પરિણતિ અને ત્રીજા તત્ત્વસંવેદનમાં હેય ઉપાદેયના નિશ્ચયપૂર્વક પ્રવર્તન હોય તો તત્ત્વસંવેદન સમજવું. આ ત્રણે ભેદમાં પ્રથમ ભેદ અને બીજા ભેદને અંશે યુક્તિયુક્ત શંકા સમાધાન દાખલા-દષ્ટાંતપૂર્વક સમજી ગયા. હવે ત્રીજા ભેદમાં પ્રવર્તનશીલ થયેલા આત્માઓ કાર્યસિદ્ધિમાં કઈ રીતે આગળ વધે છે તે અગ્રે વર્તમાન.

અનાદિ કાળથી હું ભવસમુદ્રમાં રહેલો. જહાજ સમાન તમારું વચન જો અરે ન હોત તો દા। જેનું વર્ણન થઈ શકે નહિ એવા કેઈ અવસ્થાને



દેશના ત્રીજી

શ્રોત્ર ઇન્દ્રિયની વિશિષ્ટતા

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ શાંતિચંદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્ય પ્રાણીઓના ઉપકારને માટે ધર્મરત્ન પ્રકરણની રચના કરતાં થકાં શ્રાવકને લાયક ૨૧ ગુણ તેનું સ્વરૂપ અને તે તે સ્વરૂપને યથાર્થ પ્રતિમાર્જન કરનારા દ્રષ્ટાંતદ્વારા સમગ્ર અધિકાર આગળ જણાવી ગયા છે. તેથી શ્રવણ અને જ્ઞાનભૂમિકા એ બે ભૂમિકા સહેજે પ્રાપ્ત થઈ શકે છે એ આપણે સમજી ગયા. સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્ય શ્રોત્ર લબ્ધિવાળો હોય અને એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરેન્દ્રિય શ્રોત્રલબ્ધિ વગરના હોય છે, તેમ સંજ્ઞી હોય અને શ્રોત્રલબ્ધિ વગરનો હોય તેવું બની શકતું નથી. મનની શક્તિ શ્રોત્ર મળ્યા પછી જ મળવાવાળી ચીજ છે. તેથી સંજ્ઞી અને અસંજ્ઞીના ભેદો પંચેન્દ્રિયમાં જ પાડવામાં આવે છે. એકેન્દ્રિય, બેઇંદ્રિય તેઇંદ્રિય અને ચઉરેંદ્રિયમાં સંજ્ઞી અને અસંજ્ઞીના ભેદ પાડવામાં આવતા નથી. કારણ જેને સંજ્ઞીપણું પ્રાપ્ત થાય તેને પાંચ ઈંદ્રિયની શક્તિ હોય છે. એ જ વાત આપણે પર્યાપ્તિને અંગે વિચારીએ અને પ્રાણોના અંગે વિચારીએ તો સમન્વય તેવી છે. મનની પર્યાપ્તિ સમગ્ર ઇંદ્રિયની પર્યાપ્તિ પછી જ છે. આથી જે જે સંજ્ઞી અને પંચેંદ્રિય થયા તે

---

* આ પ્રભુ [illegible] ભગવાનું [illegible] કરે છે આનો [illegible] [illegible] [illegible] ભગવાન [illegible] આવ્યા છું. હે આને [illegible] [illegible] મને કેમ તારતા નથી!

સર્વને શ્રોત્ર ઇંદ્રિયની લબ્ધિ જરૂર હોય. જો શ્રોત્રની લબ્ધિ છે. તો શ્રોત્રની શક્તિ જબરજસ્ત હોય છે. ચારે ઇંદ્રિયો માત્ર અષ્ટ-સ્પર્શી પુદ્‌ગલોને ગ્રહણ કરે છે. અષ્ટસ્પર્શી પુદ્‌ગલ સિવાયના સ્પર્શ, રસ, ગંધ કે રૂપને સ્પર્શન, રસન, ઘ્રાણ અને ચક્ષુ ઇંદ્રિયો લઈ શકતા નથી. ચઉસ્પર્શીમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ રહેલા છે. પણ ઇંદ્રિયો અષ્ટસ્પર્શીપણે પરિણમાવે અને ગ્રહણ કરે છે. અષ્ટસ્પર્શીપણે પુદ્‌ગલો ન પરિણમ્યા હોય તેવાના રસ, ગંધ, રૂપ. સ્પર્શને લેવાની તાકાત નથી. ચારે ઇંદ્રિયો અષ્ટસ્પર્શી વિષયોને લે છે, ત્યારે શ્રોત્ર ચઉસ્પર્શી પુદ્‌ગલોને લે છે. ચઉસ્પર્શી પુદ્‌ગલો જે છે તે ગ્રહણ કરવાની તાકાત માત્ર શ્રોત્ર ઇંદ્રિયની છે. તૈજસથી આગળના બધા પુદ્‌ગલો ચઉસ્પર્શી છે, તો શ્રોત્ર ઇંદ્રયની એટલી નિપુણતા છે. તેનો ક્ષયોપશમ એટલો જબરજસ્ત છે કે જેથી ચઉફરસી પુદ્‌ગલોને વિષયતામાં લઈ શકે છે; પરન્તુ તેટલી નિપુણતા ચક્ષુ આદિ ચાર ઇન્દ્રિયોની નથી. તત્ત્વાર્થમાં ઉભય અવધારણ લઈએ છીએ. रूपिणः पुद्गलाः એ સૂત્રમા ઉભયાવધારણ લેવાય છે. રૂપી જ પુદ્‌ગલો છે ને પુદ્‌ગલો રૂપી જ છે. માટે રૂપી પુદ્‌ગલો જ છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાયમાં રૂપ નથી. રૂપ પુદ્‌ગલાસ્તિ કાયમાં જ છે. એક પણ પુદ્‌ગલ રૂપાદિ વગરનું નથી. રૂપ, રસ, ગંધ, સ્પર્શ વગરનું કોઈ પુદ્‌ગલ જગતભરમાં નથી. ઉભય અવધારણ થયું. આથી જે શબ્દના પુદ્‌ગલો રૂપ, રસ, ગંધ સ્પર્શ વગરના નથી પણ ફરસ આઠ નહિં પણ ચાર હોય તો ચઉફરસીમાં

હે જિન! તમારો આત્મા સંસારસમુદ્રમાંથી જીવોને તારવાની ભાવના વડે ઘણા જન્મથી ભાવિત છે તે આપે અન્ત્યભવમાં પ્રગટ કર્યું. તેથી જ સમસ્ત જગતના ઉદ્ધાર માટે તમે તીર્થને પ્રગટ કર્યું-સ્થાપ્યું.

રહેલા રસ, ગંધ, રૂપ, શબ્દને રસના ઘ્રાણાદિ ઇંદ્રિયો ફરસી શકતી નથી. તેથી રૂપી પુદ્ગલો એક પ્રદેશે અનંતા લાગેલા છે છતાં તે પુદ્ગલો ચઉફરસી હોવાથી તેનું રૂપ, રસ, ગંધ કે સ્પર્શ તે કોઈ ઇંદ્રિયના વિષયમાં આવતા નથી. કર્મ પુદ્ગલોમાં રૂપ, રસ, ગંધ, સ્પર્શ છે છતાં ચક્ષુ, ઘ્રાણ, જીહ્વા સ્પર્શ પારખી શકતી નથી કારણ કે ચઉફરસીને ગ્રહણ કરવા માટે ચાર ઇંદ્રિયો જડ છે.

ભાષાની અપેક્ષાએ આર્યવિભાગ

શ્રોત્ર ઇંદ્રિય ભાષાવર્ગણાના ચઉફરસી પુદ્ગલોને ગ્રહણ કરે છે. શ્રોત્રઇંદ્રિયનું નિપુણપણું છે, તેથી આર્યો અને મ્લેચ્છો તેના વિભાગ ભાષાને અંગે રાખ્યા છે. વ્યાકરણકારોએ મ્લેચ્છ શબ્દ નામપાઠમાં ગોરી-જતીમાં નથી રાખ્યો પરન્તુ 'અવ્યક્ત ભાષણે' અર્થાત અવ્યક્ત બોલવું" તેમાં છે. મ્લેચ્છો અવ્યક્ત બોલનારા તેથી વ્યક્ત બોલવામાં આર્યોનો વિભાગ. વ્યક્ત ભાષાવાળા તે જ આર્યો. આ વાત લક્ષમાં લેશો ત્યારે ભાષા સંબંધી આર્યની વ્યાખ્યા આપતાં સાડી પચીસક્ષેત્રના વિભાગ કર્યો છે. જે દર્શનમાં આર્યના વિભાગ સમ્યક્ત્વની અપેક્ષાએ હતો. એટલું જ નહિ પણ જ્ઞાનની અપેક્ષાએ, ચારિત્રની અપેક્ષાએ જે વિભાગો હતા તે ભાષાને અંગે પણ વિભાગો હતા. આગમથી, બ્રાહ્મી લિપિ પ્રવર્તે છે તે ભાષા આર્યો માટેની છે. અને તેથી જ આર્યોનો અને મ્લેચ્છોનો વિભાગ પાડ્યો છે. ભાષાની અપેક્ષાએ જ્યાં જ્યાં આર્ય ભાષાની ભાષા પ્રવર્તે ત્યાં ત્યાં ભાષા રૂપ આર્યપણું. આપણ

---

૧. [illegible] વાણી સાંભળીને આત્મા સંસાર [illegible] [illegible] કર્મોનો ક્ષય આત્માના [illegible] [illegible] ૬૨ છે.

લોકો માગધીને અંગે ચક્કર ખાય છે. કહે છે કે મગધ દેશની ભાષા તે માગધી. પણ માગધીભાષા બોલનારા માગધો એટલે રાજાના મંગળ પાઠકો. બિરૂદાવલી બોલનારા, રાજાના ઇતિહાસ રાખનારા, તેમની જે ભાષા તે માગધી. માગધો તેની ભાષા તે માગધી-અર્ધ માગધી, જે સમગ્ર સાડા પચીસ દેશની તે માગધી.

જગદ્‌ગુરુ કોણ થઇ શકે?

તે ભાષા આર્યની હોવાથી તીર્થંકરની દેશના અર્ધમાગધીમા પ્રવર્તતી હતી, તેથી તેમને જગદ્‌ગુરુ થવાનો હક છે. હું નેમચંદભાઇનો માસ્તર પણ તેની ભાષા હું ન સમજું, તે મારી ભાષા ન સમજે, તો માસ્તર કયા રૂપનો? જગતની સામાન્ય ભાષા જે ન સમજી શકે તે જગતગુરુ કેવી રીતે બની શકે? સંસ્કૃત ભાષામાં બોલનારા, ઉપદેશ આપનારા, શાસ્ત્રકથન કરનારા. તે વિદ્વાનના ગુરૂ, તે જગતના ગુરુ નહિ. કેટલાક વિદ્વાન સિવાય બીજાઓની ભાષા સમજે નહિ તો તે જગતગુરૂ કેમ બનવાના? અહીં જગતગુરુપણું એવી ચીજ છે કે જે તિર્યંચો પણ પોતાની ભાષામાં તેમનાં વચનો સમજે છે, जिनेंद्र भगवद् गिरं. જિનેશ્વરની વાણી દેવતા દેવતાઈ ભાષા તરીકે, મનુષ્યો મનુષ્યની ભાષા તરીકે, અનાર્યો અનાર્યોની ભાષા તરીકે, તિર્યંચો તિર્યંચોની ભાષા તરીકે, તીર્થંકરનું વકતવ્ય તમામ સમજે છે. બધાને સમજવામાં આવી શકે તેવી ભાષા ન બોલે તો બધાનો ગુરૂ કેવી રીતે બની શકે? કુતરીને પણ જગત્ ગુરૂ નામ પાડીએ ને તે કહી બોલાવીએ તો તે આવે છે. જગતને તત્ત્વનો ઉપદેશ દીધા વગર જગતનું ગુરૂપણું

હે જિન! કર્મસમૂહ તમારે આધીન નથી તેમ જ ભવિષ્યમ આધીન કરી પણ નહિ તેથી તે કર્મસમૂહને આવતો અટકાવનાર અને ક્ષય કરનાર ઉદ્યોગ-ઉદ્યમ તમે કર્યો.

આવી શકતું નથી અત્યારે તો વાતવાતમાં જેને તેને જગત્ ગુરુ પદની વ્યવસ્થા કરીએ છીએ. જગત્ગુરુ કોણ બની શકે? જગતને તત્ત્વના ઉપદેશ આપી શકે તે જગતની ભાષામાં તત્ત્વ સમજાવે તે. હવે જગતની ભાષા તપાસીએ. તીર્થંકરને અતિશયથી ચાહે તે હોય પણ ગણધર વિગેરે અતિશયવાળા નથી. ગણધરો અતિશયવાળા નથી તો તેમને જગતની ભાષામાં રચના કરવી પડે તેથી તીર્થંકરોને જગતની ભાષામાં સમજણ પડે તેમ બોલવું પડે છે. ૧૮ દેશી ભાષામાં મિશ્રિત હોય તે અર્ધમાગધી, અઢાર દેશની ભાષા સમજવાવાળા તે બધાને અર્ધમાગધી ભાષાએ સમજાય. ૧૮ દેશ બરાબર સમજી શકે તે અર્ધમાગધી ભાષા.

દેવતાની ભાષા પણ અર્ધમાગધી

દેવતાની ભાષા તે સંસ્કૃત ભાષા છે અને તેને ગીર્વાણ ભાષા કહેવાય છે. તે કદાગ્રહ સહિત જૂઠું છે. દેવતાની આરાધના બાળ, જુવાન, વૃદ્ધને કરવાનો હક છે. દેવતાઓ તુષ્ટ થાય તો બાળ, જુવાન, વૃદ્ધ બધા ઉપર તુષ્ટમાન થાય છે. દેવતાને તુષ્ટમાન થવાનું બધા પર હોય તેમ જ દેવતાને મનુષ્ય સાથે વ્યવહાર હોય તો મનુષ્યની સામાન્ય ભાષા તે જ દેવતાની ભાષા જોઈશે. નહીંતર દેવતા આવ્યો અને બોલ્યો કે वृणुष्व वरम्. છોકરાઓએ શી માગણી કરવી? છોકરો સમજવાનો શું? પંડિત ને વિદ્યાર્થી બંને સાથે મુસાફરી ગયા છે. પંડિત કૂવામાં લપસી પડ્યા. ત્યારે વિદ્યાર્થીએ બૂમ પાડી કે—धावत धावत लोकाः । मम गुरुः कूपे पतितः । આમાં શું થવાનું? જેમ વિદ્યાર્થીએ કરેલું

હે જિન! જન્મ-જરા-મરણના યંત્ર રૂપ સંસારમાં જીવો પીડાય છે, માટે તમારી વાણી તેઓને તે યંત્રથી અનન્ત રૂપ એવી વાણી નહીં, ફરી આવવું ન પડે તેમ મુકાવે છે

ધાવત આ વાકય કેવળ તેના મોંમાં રહ્યું પણ ગુરુને બચાવનાર ન થયું. તેમ બાળ, વૃદ્ધ, ગ્લાન, સ્ત્રી પુરુષને બધાને દેવતાનો સ્નેહ ઇષ્ટ હોય તો તે બધાની ભાષા, તે દેવતાની ભાષા માનવી પડે માટે આર્યો અને દેવો સ્પષ્ટ ભાષા બોલનારા હોય છે

સ્વાભાવિક પ્રાપ્ત થતી બે ભૂમિકાઓ

શ્રોત્રઇંદ્રિયની નિપુણતા હોવાથી ચઉસ્પર્શી પુદ્ગલોને ગ્રહણ કરી શકે છે. આર્યો પોતપોતાની ભાષામા બોલે છે તેથી આ બે ભૂમિકા શ્રવણ અને જ્ઞાનભૂમિ પ્રાપ્ત થવી મુશ્કેલ નથી ભાષાવર્ગણાના પુદ્ગલો એવી શકિતવાળા છે કે જેટલા સ્વરૂપે હોય તે સ્વરૂપે બીજાને પણ ભાવિત કરી શકે છે. સમશ્રેણિએ રહેલો શુદ્ધ સ્વરૂપે સાંભળે. બીજી શ્રેણિએ રહેલા શુદ્ધ સ્વરૂપે સાંભળે નહિ. જેટલું મો પહોળું થાય તેટલી સમશ્રેણિ સિદ્ધ લે છે. કેટલાક કાઢેલા અને કેટલાક પરિણમેલા. બે ભેગા મળી લેવામાં આવે છે ધર્મના અધિકારીઓ અગર ધર્મનો પ્રતિબોધ દેનારા તે સ્થાનની પ્રચલિત ભાષા બોલે અને ભાષાના પુદ્ગલો ભાવુક હોવાથી તે શ્રોત્રની નિપુણતા હોવાથી શ્રવણ અને જ્ઞાન એ બે ભૂમિકા સહેજે પ્રાપ્ત થાય તેમા નવાઈ નથી મુશ્કેલી શ્રવણ ને જ્ઞાનમાં નથી.

વિજ્ઞાન ભૂમિનો નિર્ણય

મુશ્કેલી વિજ્ઞાન ભૂમિકાની પ્રાપ્તિમાં છે. મોક્ષવિષયક બુદ્ધિ તે જ સમ્યગ્જ્ઞાન. જૈન દર્શનકાર સમ્યક્ત્વ સહિતની સમજ કહે છે. મોક્ષે ધીઃ જ્ઞાનં મોક્ષવિષયક જે બુદ્ધિ તેનું જ નામ જ્ઞાન.

કર્મના બંધ વખતે કરેલો વિચાર ભવિષ્યના સારા માટે છે, ઉદયની વખતે તો એક જ માર્ગ છે જે ફળનું વેદવું-ભોગવવું. બીજો કોઈ માર્ગ નથી.

અન્યત્ર વિજ્ઞાન, ક્યાં શિલ્પશાસ્ત્ર વિષયક જે બુદ્ધિ તે વિજ્ઞાન. આમ કોષકારોએ શિલ્પને શાસ્ત્રના જ્ઞાનને વિજ્ઞાન કહ્યું છે. જે કોષકારોએ શિલ્પ એટલે કારીગરી તેને વિજ્ઞાન કહેલું છે, તેવું રૂઢ વિજ્ઞાન અહીં લેવાનું નથી. અહીં શ્રવણ પછી જ્ઞાનભૂમિકા કહી ગયા છીએ. અહીં વિજ્ઞાન કયું લેવું? જે વિજ્ઞાન લેવું છે તે જ મુશ્કેલીનું છે. હેય–ઉપાદેયના નિશ્ચયવાળું જે જ્ઞાન તે વિજ્ઞાન. તેથી જ કહે છે કે ૨૧ ગુણનું સ્વરૂપ દૃષ્ટાંત સાંભળી શ્રવણ ને જ્ઞાન એ બે સહેજે પ્રાપ્ત કરવાની જરૂર છે. તે ક્યા રૂપે જણાવે છે અહીં અધિકાર ધર્મનો છે. ૨૧ ગુણ ધર્મની લાયકાત માટે કહ્યા છે. આ શ્રવણ ને જ્ઞાન ધર્મને અંગે ગણાવ્યું. જ્ઞાન ધર્મને અંગે થયું તો ત્રીજું વિજ્ઞાન ધર્મને અંગે કરવાની જરૂર છે. તેથી આ ગ્રંથનું નામ ધર્મરત્ન. આથી ધર્મરત્નનો અર્થી થવો જોઈએ.

મુખ્યાર્થ લક્ષ્યાર્થના ફરક સમજો.

એમાં કાલે બે વાત લક્ષ્યાર્થની કહી ગયા છીએ રત્ન શબ્દ મુખ્યાર્થને તેમ જ લક્ષ્યાર્થને પકડે છે. આ બે અર્થ સમજો. તાપી નદીને કાંઠે એક ઝુંપડી હોય. તમાં બાવો રહેતા હોય ને ફરતા ફરતા તમારે ત્યાં આવ્યો. બાવાજી ક્યાં રહો છો? તો કહે કે તાપીમાં. તાપી શબ્દનો મુખ્ય અર્થ તાપીનો પ્રવાહ. પ્રવાહમાં તો રહેતા નથી, મુખ્યાર્થનો બાધ આવ્યો જ્યાં મુખ્યાર્થનો બાધ હોય ત્યાં લક્ષણા કરવી પડે. તાપી શબ્દથી તાપી નદી ન લેતાં તાપીનો કાંઠો લેવો પડ્યો એ કયા મુદ્દાએ? મુખ્ય

[illegible] ઓળી કરતાં કાનુની નાંખતાં, [illegible] વિચાર કર્યો [illegible] [illegible] માટે [illegible]. [illegible] પછીના ફળ [illegible] [illegible] છે.

હોયપણું અમે નહીં લઈએ પણ અહીં રત્નને અંગે જડપણાનો ડૂબવાપણાનો ગુણ નહીં લઈએ તો કયો ગુણ લેવો છે? મોઢાનો અને ચંદ્રનો સમધર્મ સૌમ્યતા છે, તેમ ધર્મનો અને રત્નનો સમધર્મ કયો? કારણ સમધર્મ કિંમતીપણું છે. રત્નનું કિંમતીપણું તેમ.

ધર્મરત્નની લક્ષ્યાર્થ વ્યાખ્યામાં સુઝવણ

ધર્મનું કિંમતીપણું, ખરેખર એ દશા થઈ. રત્ન જે ઉપમાન તે અધિક કિંમતી, ધર્મ ઉપમેય તે ઓછું કિંમતી. ચંદ્ર વધારે સૌમ્યતાવાળો, મુખ ઓછી સૌમ્યતાવાળું કિંમતીપણાને અંગે ધરમની મૂળ ઊડી ગઈ અર્થાત્ ઓછી કિંમત ગણી. જે શ્રાવકને પણ ઘેર બેઠા ભાવના ભાવનાની તે કહેવાનો વખત ન રહ્યો. કેટલાક શ્રાવકને પાછલી રાત્રે નિદ્રા ઊડી જાય તો નથી ઉઠાતું, અને નથી ઉંઘાતું તેવે વખતે ભાવનામાં પ્રવેશ કરે છે અને સાધુપણું ક્યારે લઈશ તેની ભાવના ભાવે છે.

त्यक्तः संगः जीर्णयोगो मलक्लिन्नकलेवरः ।
भजन् माधुकरीं वृत्तिं मुनिचर्यां कदाश्रये ॥ १ ॥

આ શ્લોકના ભાવાર્થને શ્રાવક શું ગણે? આ લગવાટ કાઢવા માટે આ મંત્રભૂત લગવાટ કાઢવા માટે જેવા મંત્ર તેમ આ લગવાટ કાઢવા માટે વિચારે કે આ લગવાટ [illegible] [illegible], ગુંથ્યાં, ગૂંથ્યાં, ફૂલેલાં, [illegible]વાળો [illegible], બધે તેનાં કપડાં [illegible], પણ શરીર તો [illegible] ને? ભાવનામાં ધર્મ છે [illegible] આવે છે. તો [illegible] માટે [illegible] ને ધર્મ

[illegible]

નિર્જરા કરાવનાર ધર્મ છે. આથી ત્યાગી પુરુષોને અંગે લક્ષ્યાર્થ લેવો પડે. પરિગ્રહવાળા માટે વાચ્યાર્થ મુખ્યાર્થ લેવો પડે. આથી ધર્મ રત્નાર્થી ગૃહસ્થોને અંગે મુખ્યાર્થવાળો. સાધુ માટે લક્ષ્યાર્થ કરવો પડે. ચિંતામણી રત્ન હોય તેનું કાચમાં પ્રતિબિંબ પડી શકે છે ને જાણી શકો છો, જોઈ શકો છો પણ કંઈ પાકે નહિં. તેમ ધર્મરત્નને જાણો કે જુઓ તેથી કંઈ વળે નહિં, માટે ધર્મરત્નનો અર્થી હોવો જોઈએ. હવે તેનો અર્થી કોણ તે વિષે શાસ્ત્રકાર જે બતાવશે તે અધિકાર અગ્રે વર્તમાન.

રદેશ્રી જ હૃદયમાં પોતાનું સ્વરૂપ
રક્ત લોકો હા! શુદ્ધ ધર્મને

દેશના ચોથી

મોટા ભાગે શિર ઝુકાવનારા

શાસ્ત્રકાર મહારાજા કલિકાળસર્વજ્ઞ શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય મહારાજા ભવ્ય પ્રાણીઓના ઉપકારને માટે ભગવાન મહાવીર મહારાજે હસ્તિપાલ રાજા પાસે અંત્ય સમયે જે દેશના જણાવી તે જણાવતાં ફરમાવે છે કે આ જગતમાં દરેક જીવ ઇચ્છાની પાછળ રમી રહ્યો છે. એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય કોઈપણ જીવ માટે આપણે વિચારીએ તો તે જીવો ઇચ્છાની પાછળ ઘસડાઈ રહ્યા છે. એટલા જ કારણથી શાસ્ત્રકારોએ મોહગર્ભિત દુઃખ ને જ્ઞાનગર્ભિત દુઃખ જણાવીને ત્રણ પ્રકારના વૈરાગ્ય જણાવતાં જ્ઞાનગર્ભિતનું એ લક્ષણ રાખ્યું કે ઇચ્છાથી નિરમવું તે જ્ઞાનગર્ભિત. કારણ કે સામાન્ય રીતિએ ગાડે તો નાનું છોકરું હોય, યુવાન કે વૃદ્ધ હોય, ચાહે સ્ત્રી કે પુરુષ હોય, મનુષ્ય હોય કે જાનવર હોય, પોતાને જેની ઇચ્છા થાય તેની તરફ તે દોડે છે. કીંમતીપણું કે મામુલીપણું એ પણ ઇચ્છાનો વિષય ન થાય ત્યાં સુધી વિચારાય છે. એક જંગલમાં પાણી તરસ્યો થયો હોય અને પાણીની જગતમાં કિંમત નથી પણ તૈયે મોંઘું મળે છે પણ એવી કિંમત જાણવા છતાં જ્યારે તરસ્યો થાય પાણીની ઇચ્છાવાળો થાય તે વખતે કોઈ તેને

જીવનમાંના દેવો અને ગુરૂઓ સ્ત્રી અને ધનમાં હંમેશાં આસક્ત [illegible] છે તેઓ જીવન જનોને પવિત્ર ધર્મ કેવી રીતે કહી [illegible] ન કરે

જીવ શબ્દને બદલે નામી શબ્દનો વપરાશ

આધીન થઈ એવી સ્થિતિમાં આવી ગયા કે કર્મરાજા
ચુકાદો આપે તે કબૂલ કરવો પડે. તેથી સંસારના
હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ નામી કહે છે. નમવાવાળા
નામી. શિર ઝુકાવે. કેમ ? તો કે નામ શબ્દ नम् ધાતુ ઉપરથી
બને છે. नम् प्रह्वत्वे नम् ધાતુ નમવા ઉપર છે. આ જીવ કર્મ
હુકમ આગળ હાજી હાજી કરનારો છે. મુલક કબજે
લોકો ટેંટે.' એમ આ જીવે કર્મના ગુલામી ખત ઉપર
કરી દીધી. પછી રૂવે કે હસે, નાચે કે કૂદે પણ કર્મનો દસ્તાવેજ
પૂરો ન થાય ત્યાં સુધી છટકી શકે નહિ. માટે આ
મૂળમાં જેમ સ્વભાવે વાંદરો ચંચળ હોય, તેમાં કરડે વીંછી
વાંદરાને વીંછી કરડે તો નળિયાં ભાંગવામાં કેટલું બાકી રાખે
મૂળમાં જીવ અનાદિ કાળથી સ્વભાવ એવો છે કે કર્મ
આગળ ઝુકાવી દેવું. જે રસ્તે કર્મ લઈ જાય તે રસ્તે જ
જન્મ પામ્યા તે કર્મ આગળ ઝૂકીને આપણી ઇચ્છાથી.
માટે જ્ઞાનગર્ભિત વૈરાગ્યવાળાના મુખમાં હરિભદ્રસૂરીશ્વરજી
જીવ શબ્દ ન મૂકતાં नामिनः શબ્દ મૂકયો. ચેતનાની મુખ્યતા
કરતાં સંસારી જીવોની મુખ્યતા કર્મરાજાના હુકમ
ઝૂકવામાં રહેલી છે. ચેતનાની મુખ્યતા હોય તો પોતાના
હિતાહિત શામાં છે તે પોતે વિચારી શકે છે પણ સંસારી
જીવો ચેતનાવાળા છતાં પણ પોતાની ચેતનાને ગૌણ કરનારા
કેવળ કર્મના હુકમને મુખ્ય કરનારા છે. તેથી જીવ ના
ન કહેતાં નામીના કર્મરાજાના હુકમ તરફ નમી રહેલા કર્મ

હે જિન ! તત્ત્વને જણાવનાર તમારું એક જ વચન તરતમપણે
ભાસ્યું છે. એક તત્ત્વજ્ઞાનીઓને સંસારથી ઉદ્ધાર–પાર કરનાર
છે, અને બીજા અતત્ત્વજ્ઞાનીઓ સંસારમાં પાડનારા બને છે

બજે આવ્યા છે. સામાન્ય નિયમ છે કે કબજે આવેલું રાજ્ય. શ મુલક હોય અને પછી લોકો ટેંટેં કરે તેમાં વળે નહિ. મ સંસારી જીવો કર્મે બંધાઈ ગયા છે.

ઇચ્છાની ગુલામીમાં ગુંગળાયેલું જગત્

કર્મના કબજામાં આવ્યા છે એમ થયા પછી કદી ચેતના ગુણને લીધે કદી સાવચેત થાય તો તેનો અવાજ થતો નથી. કર્મે બંધાએલા કર્મના હુકમ તરફ ઝૂકેલા એવા છતા પણ જો પોતે એની જડ સમજે તો બચી શકે તેમ છે. કર્મ બંધાવવામાં હુકમ આગળ શિર ઝુકાવવું પડે છે તેમાં જડ કઈ? હરિભદ્રસૂરીશ્વરજી ચોખ્ખા શબ્દોમાં કહે છે કે પૌદ્ગલિક પદાર્થોની ઇચ્છા કર્મના બંધનને પરિણામ આગળ શિર ઝુકાવવામાં જડ તરીકે છે. બાહ્ય પુદ્ગલોની ઇચ્છા પર કાબૂ મૂકી શકે, તેવી ઇચ્છા થાય અને તે બંધ કરી દે તો કર્મના બંધનથી છૂટી શકે ને હુકમ આગળ શિર ઝુકાવવું ન પડે. આ શાસ્ત્રકારની મર્યાદા આપણી મર્યાદા કઈ? ઇચ્છાની ગુલામી. આજ તો અમુક ખાવાની અમુક પીવાની એશની ઇચ્છા થઈ છે વિચારો, આ શું છે? ઇચ્છાની આધીનતા ધર્મમાં અને સંસારમાં ફરક સમજવો હોય તો આ જગો પર છે. **સંસાર એટલે ઇચ્છાનો અમલ કરવો, ધર્મ એટલે ઇચ્છા પર કાપ મેલવો.** આપણામાં ભાગ્યશાળી એવા છે કે ભાઈસાબ! ઉપવાસ કરું પણ ખાવાની ઇચ્છા થાય છે, મન નથી રોકાતું કહો, આ ધર્મ કરનારનાં લક્ષણ? ઇચ્છા રોકયા વગર ધર્મ કહેવાતો નથી અને ધર્મ

હે જીવ! જગતમાં આ અશરણતા છે, જે. સર્વની સાક્ષીએ પહેલાં કરેલું કર્મ ભોગવવું જોઈએ. અહિં તારું કોઈ પણ રક્ષણ કરનાર નથી.

આવતો પણ નથી. ધર્મશાસ્ત્રની જડ એ કે જે ઇચ્છા થાય તે રોકો. ઇચ્છાને દમવા માંગો તો દમી શકો છો. જેની ઇચ્છા થાય તે અઠવાડિયું ન જ કરવી, દહીં ખાવું છે એમ ઇચ્છા થઈ તો પખવાડિયું ન ખાવું. આપણે તો ઇચ્છાના એવા ગુલામ થઈ ગયા છીએ કે એની વિરુદ્ધ કહેનારો ગાંડો. ઇચ્છા પૂરી કરનારા ડાહ્યા–હિતૈષી. ચાલુ ક્રિયામાં દહીંના પરિણામ દેખો છો કે નહિ? છતાં બંધ કરવાનું કહે છે કે નહિ? જમનાર અને ટોળી કરનારને તે નથી ગમતું. જ્યારે એક કર્મક્ષય માટે આરાધના કરવા કટિબદ્ધ થએલા જેઓએ ઘરની મમતા આરાધના ખાતર જેમણે છોડી છે તેવાને ઇચ્છાની પાછળ ખેંચાવાનું થાય તો પછી જે છૂટા જેને માથે ધૂંસરી નથી તો તેની તો વાત જ શી? આ તો વ્રત પૌષધની ધૂંસરીવાળા છે તેવા ઇચ્છાની પાછળ પ્રવર્તનારા થાય તો બહાર છૂટાવાળા તેમને ઇચ્છા પાછળ કેટલું પ્રવર્તવાનું થાય? માટે ઇચ્છા ઉપર કાબૂ આ જ વાત પૂજા ભણાવવામાં બોલો છો. 'ઇચ્છારોધે સંવરી, પરિણતિ સમતાયોગે', ઇચ્છા રોકો તે જ સંવર. ઇચ્છાના રોધ ઉપર સંવરની સ્થિતિ. તેથી કર્મરાજાના હુકમ આગળ ઝૂકવાનું કારણ હોય તો બીજું કંઈ કારણ નથી. એક જ કારણ કે બાહ્ય પદાર્થની ઇચ્છાઓ. માટે શાસ્ત્રકારોએ કહ્યું કે બાહ્ય પદાર્થ વિષયક જે ઇચ્છાઓ–જે પ્રયત્નો, અડચણોનો નાશ પદાર્થ મેળવવો ને મેળવવાથી થતો આનંદ. તેનો ઉપજો બધા કર્મ બંધાવનારા ને શિર ઝુકાવનારા છે.

[illegible] મુખથી સુંદર એવું હે જિન! તમારું વચન જગ[illegible] [illegible] નિત્ય અથવા અનિત્ય આત્માનાં મોક્ષ પ્રાપ્તિ [illegible] [illegible] માનત અર્થાત્ એકાંત નિત્ય–અ[illegible] [illegible] ઘટે નહિ.

જ્ઞાનગર્ભિત વૈરાગ્ય અને દુઃખગર્ભિત વૈરાગ્યનાં તફાવત અને રહસ્ય

તેથી જ્ઞાનગર્ભિતનું લક્ષણ એક જ રાખ્યું. બાહ્ય પદાર્થની ઇચ્છા તેના ત્યાગ માટે જે તૈયારી તે જ્ઞાનગર્ભિત વૈરાગ્ય. પૌદ્ગલિક ઇચ્છાથી જગત બંધાઈ ગયું છે. કર્મરાજાની આગળ શિર નમાવી દીધું છે તેવી બાહ્ય ઇચ્છા છોડવી તે જ જ્ઞાનગર્ભિત વૈરાગ્ય. દુઃખગર્ભિત, મોહગર્ભિત, જ્ઞાનગર્ભિત વૈરાગ્યઃ આ ત્રણ શબ્દો બધાને માલમ છે. પણ એના ઉપયોગો વિચિત્ર રીતિએ થાય છે અગર બોલતાં બોલતાં મિથ્યાત્વમાં જાય છે. દુઃખગર્ભિત કોને કહે છે કે જેને સંસારી અવસ્થામાં દુઃખ હોય-માબાપ બાઈ કોઈનું પણ દુઃખ હોય તેથી વૈરાગ્ય પામી દીક્ષા લે તો દુઃખગર્ભિત કહી દઈએ છીએ. વિચારજો, દુઃખગર્ભિત હોય તો સગરચક્રવર્તીએ ૬૦ હજાર પુત્ર મરણ પામ્યા પછી દીક્ષા લીધી છે સો તે મોટામાં મોટો દુઃખગર્ભિત વૈરાગ્ય સગર ચક્રવર્તીને. સનત્કુમારને રૂંવાડે રૂંવાડે રોગ, સાતસેં રોગ એકી સાથે. એવાએ વૈરાગ્ય લીધો તે મોટા દુઃખગર્ભિતમાં સપડાયેલા ગણવા પડશે. સંસારમાં દુઃખની અવસ્થા દેખી વૈરાગ્ય આવે તે દુઃખગર્ભિત નથી. પૌદ્ગલિક ઇચ્છાથી આ જીવ રખડે છે, ચારે ગતિમાં રખડે છે તે વિચારનારો દુઃખગર્ભિત જ થવાનો. દુઃખગર્ભિત કોને કહેવાય તે સમજો તો જ મિથ્યાત્વથી બચશો. શાસ્ત્રોના શબ્દ બોલો છો અને તમે મિથ્યાત્વમાં જાઓ છો. દુઃખગર્ભિત કોને ગણાય? નાના બચ્ચાને તમે બધું ખાવાનું આપ્યું. બધું ખાવાની ઇચ્છા કોને ગણાય? નાના બચ્ચાને તમે બધું ખાવાનું

કે જીવ તારે માટે વેરવું તથા ખપાવવું એમ બે

આપ્યું, બધું ખાવાની ઇચ્છા છે પણ બોર માગ્યું. ઉધરસ હોવાથી બોર ન આપ્યું એટલે થાળને લાત મારી. કયા કારણથી થાળને લાત મારી છે? થાળ પર અરુચિ નથી. માત્ર બોર ન મળ્યું તેનું રીસામણું છે. જેમ બચ્ચાને આ બને છે તેમ દુનિયાદારીમાં વિધવા થએલીએ શણગાર છોડયા, તે ઉપરથી મન હઠાવ્યું. શણગાર નકામા સમજી મન હઠાવ્યું નથી. ધણીની ઉપર રાગ, એ રાગ ન ચાલ્યો ન ટક્યો માટે આ નહિ. એમાં પણ દુઃખગર્ભિતપણું કયાં સુધી? જ્યાંસુધી શીલ મર્યાદામાં ન જાય. છત્રપતિ ગયા, હવે શણગાર સજું તો ડૂબી જાઉં તે પાછું જ્ઞાનગર્ભિતપણું. આ સ્થિતિ ન હોય, માત્ર શોક ખાતર શણગાર છોડાય વસ્ત્ર અમુક જ-કાળાં પહેરાય, નાત છોડાય, વિવાહાદિકમાં જવું છોડાય. આ બધું ન્યાત વ્યવહારને કર્મ-બંધનું કારણ ગણી એ છોડતાં નથી પેલા કારણથી છોડે છે. ઇષ્ટના વિયોગ કે અનિષ્ટના સંયોગથી જે પદાર્થ છોડવો પડે તે દુઃખગર્ભિત વૈરાગ્ય છે. ઇષ્ટ પુત્રના વિયોગે ધોળી કે કાળી બાંધે છે આ બધા દુઃખગર્ભિત છે. આ દુઃખગર્ભિત કયાં જોડો છો? તે વિચારો. ત્યાગમાં ધર્મમાં જે પ્રવૃત્તિ થાય તે દુઃખ-ગર્ભિત નથી. નાતમાં નહીં ખાય પણ ઘેર તો લાડવા ખાય છે. ઉદ્વેગ તેની નિશાની છે. વિધવાને ૧૫ વરસે ધણીની વાત નીકળે તો ઉદ્વેગ વિખવાદ થાય છે. પોતે આપઘાત કરવા તૈયાર થાય એવી સ્થિતિઓ હોય ત્યારે તેનું નામ દુઃખગર્ભિત વૈરાગ્ય.

પદાર્થના લક્ષણને સમજ્યા વગર શબ્દ વાપરનારાઓ

આથી સામાન્ય સ્થિતિવાળા વૈરાગ્ય થાય તેના ઉપર જે આરોપ મૂકાય છે તે વિચારો. દુઃખગર્ભિતના લક્ષણને

જગતનું રક્ષણ કરનાર જિનેશ્વર ભગવાન છે કારણ કે [illegible] કર્માં [illegible] જીવોને તે નિશાની છે—પાછા હઠાવે છે અને [illegible] નકી કરવા [illegible] બાગવાનું છે.

ક્ષમાજીને બોલો. ભગવાન મહાવીરનો જીવ વિશ્વભૂતિના ભવમાં જ્યાં બહાર બગીચામાં ક્રીડા કરી રહ્યો છે. યુવરાજપદવી છે, અને બીજા કુંવરને અંદર જવું છે. એક કુંવર હોય ત્યા બીજો ન જઈ શકે. એની મા રીસામણાં લઈ બેઠી છે. મારો કુંવર ત્યાં જવો જોઈએ. પ્રધાને રસ્તો બનાવ્યો. કુંવર જઈ શકે ને મર્યાદા ન લોપાય તેવો રસ્તો કરીએ. પૂર્વે અક્કલને અંગે પ્રધાન થતા હતા. ગુપ્ત મનુષ્યો સીમાડા ઉપર બોલાવ્યા. ફલાણો સીમાડાનો રાજા તૈયારી કરી સરહદ ઉપર આવે છે. રાજાએ તૈયારી કરવા માંડી. હું બેઠો છું, તમે કેમ ઊઠો છો ? યુવરાજ સીમાડે ગયો. કુંવર ગયો એટલે બંગલો ખાલી. પેલો ચારે બાજુ ફરી આવ્યો કે કોઈ નથી. બંગલામા નહીં જવાય કારણ કે બંગલાની અંદર કુંવર ગએલ છે. વિચારે છે કે અહો પ્રપંચમાં નાંખ્યો. મારી આગળ પ્રપંચ ખેલ્યો. બંગલો ખાલી કરવાનો રસ્તો કરવો પડયો. આ બધાનું કારણ ભોગ વોસિરે વોસિરે. તરત દીક્ષા લીધી. પછી રાજા મનાવવા આવે છે. હાથીના દંતૂશળ નીકળે તે પેસે નહીં. મેં છોડયું તે છોડયું. તો મહાવીરનો તે વૈરાગ્ય દુઃખગર્ભિત કહીશું. કેમકે બંગલામાં પેસવાનું ન મળ્યું. મહાનુભાવ! લક્ષણ જાણ્યા વગર શબ્દ વાપરતાં સાવચેતી વાપરવાની જરૂર છે.

મોહગર્ભિતનું રહસ્ય

તેમ મોહગર્ભિત કોને કહીએ છીએ? ભાઈની પાછળ નાનો ભાઈ, બાપની પાછળ પુત્રે લીધી હોય તો મોહગર્ભિત કહીએ છીએ. તેનાથી મોહગર્ભિત મિથ્યાત્વી હોય. મિથ્યાત્વી

જન્મેલાને અવશ્ય મરણ જ શરણ છે. તેમાં મરણસમયે કોઇ પણ મનુષ્ય રક્ષણ કરનાર નથી. તેથી ધર્મી જીવ પ્રણિધાનમાં-પ્રાન્તે સતમાં સમાધિમરણની પ્રાર્થના કરે છે.

સિવાય મોહગર્ભિત વૈરાગ્ય હોય નહિ. મોહગર્ભિતનું સ્વરૂપ જાણ્યા વગર ગુણી મનુષ્યને મિથ્યાત્વી ઠરાવનાર થઈએ છીએ કે નહિ ? કલ્યાણની ઇચ્છા નહિ ને પાપનો ડર નહિ. માત્ર દુનિયાદારીના ડરથી વિખવાદથી ઉદ્વેગથી જે વસ્તુ ઇષ્ટ માને ને છોડે તે દુઃખગર્ભિત. અનિષ્ટ માન્યા પછી દુઃખગર્ભિતને રહેવાનું સ્થાન નથી. તેમ મોહગર્ભિતને રહેવાનું સ્થાન મિથ્યાત્વ. મિથ્યાત્વ નથી ત્યાં મોહગર્ભિત નથી. આપણે મનસ્વિપણે મોહગર્ભિત કહી દઈએ છીએ તેમ ત્રીજો શ્રેષ્ઠ વૈરાગ્ય જ્ઞાનગર્ભિત. એટલે કર્મગ્રંથ સંગ્રહણી ભણ્યા હોય તો જ્ઞાનગર્ભિત કહેવાય તેમ નથી. શાસ્ત્રકાર જુદું કહે છે કે આ જંજાળથી છૂટું તો કલ્યાણ છે, આ જંજાળને લીધે કર્મને શિર નમાવવું પડે છે તેથી તે જંજાળ છોડવી જોઈએ. જેનાથી બાહ્ય જંજાળ છૂટે તો કર્મથી છૂટી શકાય માટે બાહ્ય જંજાળ છોડવાની જરૂર છે, એવું જેને આવ્યું તે જ્ઞાનગર્ભિત છે.

દાવાનળમાં ધકેલનારી અને બહાર કાઢનારી ઇચ્છારૂપી ધૂંસરીઓ

સૂગમાં આવો. ઇચ્છા રખડાવનારી છે. તે રોકે તો જ્ઞાનવૈરાગ્ય આવે. જગતના સર્વ જીવો ઇચ્છાને આધીન બનેલા છે. આ **જગતમાં ચક્રવર્તી રાજ્ય હોય તો ઇચ્છાનું** જ સામ્રાજ્ય છે. આ વાત મગજમાં લો ત્યારે ભગવાન મહાવીર મહારાજા હરિપાળ રાજાને ઉપદેશ આપે છે તેનું તત્

જીવોના દુઃખને છેદનાર-નાશ કરનાર હોવાથી ધર્મ શરણ-[illegible] કહેવાય છે, કારણ કે પહેલેથી જ તે ધર્મ આ જીવને [illegible] આપે છે કે જેથી પાપ આવે જ નહિ. પાપ આવે તો દુઃખ થાય.

? શાસ્ત્રકાર ના કહે છે ધર્મ-મોક્ષ એ બે
ખરેખર અર્થરૂપ હોય તો તે મોક્ષ જ
તે કામ; તેનાં કારણ તે અર્થ આત્મીય
ક્ષ. તેનાં કારણ તે ધર્મ. ધર્મને પુરુષાર્થ
કારણ હોય તથી. ધર્મ મોક્ષ સિદ્ધ ન
થી ધર્મ પુરુષાર્થ ગણવા તૈયાર નથી
ચક્ખાણ હિસાબમાં ગણતા નથી, કારણ
દેશવિરતિ સર્વવિરતિ તપ બનતા નથી.
કેવળમોક્ષ અને ધર્મ પુરુષાર્થ જે માનીએ
. કારણ તરીકે ધર્મ નામનો પુરુષાર્થ ગણાયો
.ની કેટલી અધિકતા માને છે? તીર્થંકરના
. છે કલ્યાણકદ્વારાએ. નહીંતર તીર્થંકર સરખા
કલ્યાણકનો દિવસ માનીએ છીએ. એવા
થાય, ધર્મપ્રાપ્તિનાં સાધનો દુર્લભ થાય તે
ત્રણ ભુવનના નાથને મળેલા મોક્ષકલ્યાણક
વિચારીએ તો દિલગીરી થાય, તેમનું વિચારીએ
. છે. તે ખાતર આઠ દિવસ સુધી દેવતા
મહોત્સવ કરે. તે શાના? કાળ કર્યો તેનો
જે અપૂર્વ પદાર્થ મેળવ્યો મોક્ષ નામની
વી દુર્લભ તે તેમણે મેળવી તેના આનંદનો
રો પર કેટલું ધ્યાન હોવું જોઈએ?
ધર્મની દ્રઢતા, નિર્મોહતા, તે

? એવા દેવ ન હોય તો સ્ત્રી-શસ્ત્ર
ન એવો કયો દેવ મોહથી થયેલ
કારનો [illegible] તેને કોણ નાશ કરવા

કરતાં મહાપુરુષને મળેલો મોક્ષ કિંમતી ગણીએ તો કલ્યાણકનો દિવસ માની શકીએ.

મોક્ષ કલ્યાણકની મહત્ત્વતા અને કર્તવ્યતા

આપણે ત્યાં આનંદના તહેવારો ઉજવાય છે. પણ અફસોસના તહેવારો ઉજવાતા નથી. દીવાળીના કલ્યાણકને અંગે આપણે શું કરવાનું છે. સોળ પ્રહર સુધી મહાવીરના ભવ્ય ધર્મનું શ્રવણ કરવું. ૪૫ આગમમાં દીવાળી આમ કરવી તે નહિ મળે. મોક્ષ જતી વખતે છઠ્ઠ કર્યો. સોળ પહોરના પૌષધ કરી આરાધન કર્યું. આપણે પારંગતમાં નમસ્કાર્ય પણું છે શાથી ? નહીંતર હવે આપણે શું ? આપણી ખાતર નથી, ઉત્તમ પદાર્થ ખાતર તેમની આરાધના છે. ૐ લાખનું પચ્ચક્ખાણ છતાં 'શાલિભદ્રની ઋદ્ધિ હોજો' ચોપડામાં લખી દઈએ છીએ. વસ્તુતાએ જિનેશ્વરે જે મોક્ષ સાધ્યો, તેવા કેવળજ્ઞાનીએ છઠ્ઠ કર્યો, તેથી છઠ્ઠની તપસ્યાનું અનુકરણ કર્યું. કલ્યાણકના તપ બે પ્રકારે. એક સંખ્યાએ; એક રીતિએ. ફલાણા ભગવાને અઠ્ઠમ કર્યો તો મારે અઠ્ઠમ કરવો તે અનુકરણ. એક કલ્યાણક હોય તો એકાસણું ને બે કલ્યાણક હોય તો આયંબિલ, ત્રણ કલ્યાણક હોય તો ઉપવાસ તે સંખ્યાએ. હજારો વખત લોઢા ઉપર ઘણ પડશે ત્યારે લોઢું કપાશે. પણ એક કલ્યાણક આરાધીએ ને મોક્ષ થયો નહિ તો છીણીનું દૃષ્ટાંત મગજમાં લીધું નથી. આ અનાદિની વજ્રની સાંકળ છે. દરેક પ્રભુનાં દરેક ઉત્તમ કાર્યો કરવામાં આવશે તો સાધ્યને પહોંચી વળીશું તે

હે વીતરાગ ! તેં તમારી છદ્મસ્થ ભક્તિ છે તે સિદ્ધાંતને [illegible] [illegible], [illegible] તેં ભક્તિ [illegible] [illegible] [illegible] ચારાસિથી [illegible] આરાધનાથી [illegible] [illegible] સિદ્ધાંતને [illegible] છે.

દેશના પાંચમી

શ્રોતાના બે પ્રકાર તત્ત્વગવેષક અને રસગવેષક

શાસ્ત્રકાર મહારાજા વિજયરત્નશેખરસૂરીશ્વરજી ભવ્ય પ્રાણીઓના ઉપગારને કરતાં થકાં શ્રીપાલ ચરિત્રને બનાવતાં કહે છે કે તત્ત્વસુશ્રુષાવાળા કોને ગણવા અને રસસુશ્રુષાવાળા કોને ગણવા? આખી કથામાં ઉપાદેય તત્ત્વ કયું? તેની ઉપર જ ધ્યાન આપે. કલકત્તા જવા નીકળ્યા છીએ. રસ્તામાં ઘણાં સ્ટેશન આવે અને દરેક સ્ટેશન વટાવવું પડે પણ કલકત્તાનું લક્ષ્ય તમે ચૂકો નહિં. તેમ કથામાં અર્થની કામની તથા રાજ્યની કથા થાય. દેશકથા, ભક્તકથા, સ્ત્રીકથા પણ થાય. બધું કથામાં હોય, પણ બધું વચલા સ્ટેશન જેવું ગણે. ઉદ્ધાર થવાનું કલકત્તાના સ્ટેશને તેમ બીજી બધી કથા ચાલે તેમાં ઉદાસીન બાન, જ્યાં તત્ત્વ આવે ત્યાં જ લક્ષ્ય. તત્ત્વની ધારણા કરીને સાંભળનારા તે તત્ત્વજિજ્ઞાસાવાળા અને બાકીના પ્રાયઃ રસજિજ્ઞાસાવાળા હોય છે. તમારી જોડે ગાડીમાં નાનો ભાઈ બેઠો હોય તેને કલકત્તા જેટલું તત્ત્વ ન હોય પણ તેને વચલા સ્ટેશન પર થતી ધમાલ વિગેરે જોવામાં તત્ત્વ હોય. વચમાં આવતી અર્થાદિકની કથામાં લીન થઈ જવા લાગે ત્યારે સમજવું કે આ રસકથાવાળો છે. તે માટે હરિભદ્રસૂરિ કહે છે કે તે ધર્મકથા હોય તો પણ દુનિયાદારીનું જ દૃષ્ટાંત આપીને સ્થિર

---

* હે જિનેશ્વર! તમારા પ્રભાવથી રાગ દ્વેષ અને મોહથી રહિત દેવ, હિંસાદિ પાપોનો નાશ કરનારા ગુરૂ, તેમ જ નિર્દોષ પાપ રૂપી કલંકથી રહિત ધર્મનો મેં આશ્રય કર્યો છે.

કે પરોણાનો પત્તો નથી તેમ આ જીવને પણ જ્યાંસુધી તીર્થંકર મહારાજ ન થયા, તેમણે દેશના ન દીધી, શાસન પ્રવર્તાવ્યું નહિ ત્યાંસુધી જોડે પડેલા પુણ્ય પાપ એ આત્માં જોડે પડેલા હતા, અને તેવી રીતે પુણ્ય પાપના અને નિર્જરા તથા સંવરનાં કારણો જોડે જ પડેલાં હતાં, ભવ ને મોક્ષનાં કારણો જોડે જ પડેલાં હતાં છતાં અજ્ઞાનના અંધારામાં કંઈ સૂઝે નહિ. આ વાતમાં એક રહસ્ય ધ્યાનમાં રાખવાની જરૂર છે કે ધર્મ–અધર્મ તીર્થંકરોએ કર્યો નથી. આશ્રવ, સંવર, નિર્જરા, ભવનાં કારણો કે મોક્ષનાં કારણો તીર્થંકરોએ કર્યાં નથી. ત્યારે કોણે કર્યાં? તો કે અનાદિના છે. તીર્થંકરે કેવળજ્ઞાન થયા પછી કાયદો કર્યો હોય કે હવેથી હિંસા કરે તો પાપ લાગશે તેમ તીર્થંકરે કર્યું નથી. તીર્થંકર પહેલાં પાપ લાગતું નહતું તેમ છે જ નહિ. હવે હિંસા ન કરે તેને હિંસાના પાપ ન લાગે તેમ તેમણે કાયદો કર્યો નથી. તીર્થંકરના કહેવાથી, કેવળજ્ઞાનથી અને તેમના હુકમથી હિંસાદિકમાં કર્મ લાગ્યાં હોય અને ત્યાગથી કર્મ છૂટી જતાં હોય તેમ બન્યું નથી. દીવાએ ચોર કે પરોણાને આણ્યા નથી. દીવાએ માત્ર ઓળખાવ્યા. અર્થાત્ ચોર અને મહેમાનને દીવાએ ઓળખાવ્યા છે. એમ તીર્થંકરોએ જગતમાં થતું પાપ પુણ્ય આશ્રવ બંધ સંવર નિર્જરા સંસારનાં કારણો મોક્ષના કારણો માત્ર ઓળખાવ્યાં છે. આ વાત આગમમાં પ્રસિદ્ધ છે. લૌકિક દૃષ્ટિએ તો એ વાત પ્રસિદ્ધ છે. जिणपण्णत्तं तत्तं, 'धम्माधम्मादिओ [illegible] भणिओ' જિનેશ્વરોએ પ્રરૂપ્યો

હે પ્રભુ! જો તને ન મળ્યા હોત તો મારો આત્મા હંમેશાં [illegible] અને [illegible] આશ્રય કરીને [illegible]! સંસારસમુદ્રને [illegible]

રૂપિયાનું મોતી દઈ દે તેને મૂર્ખ કેમ ન કહેવો ? આ લાખના મોતીને લાખના મોતી તરીકે સમજે છે તેથી લાખની ચીજને પૈસા પેટે દઈ દે છે આપત્તિ વખતે લૌકિક પદાર્થ માટે તેમની લૌકિક દેવાદિની સેવા કરે છતાં દેવાધિદેવની વાસ્તવિક કિંમત મગજમાં રહે તો સમ્યક્ત્વ ન જાય ઝવેરી ઝવેરીપણાથી ગયો નથી પણ લાખનું મોતી ગયું. પણ મોક્ષની ક્રિયા પુદ્ગલ ખાતામાં દઈ દીધી તેટલું નુકશાન થયું પણ જેમને મોતીની કિંમત નથી એણે પાણી પેટે મોતી આપ્યું છતાં તેને મૂરખ કહીએ. કારણ કે હૃદયમાં બળતરા નથી કે લાખનું આપી દેવું પડે છે. તેમ જિનેશ્વરને મોક્ષ માટે જ માનવાના છે તે ભૂલે તો સમ્યક્ત્વથી ગયો. સંવર નિર્જરાની મોક્ષની પ્રાપ્તિ કરાવનાર એ જ છે. પૌદ્ગલિક પદાર્થ માટે તીર્થંકરની સેવા કરે અને સર્વજ્ઞના સ્વરૂપને ભૂલે તો મિથ્યાત્વમાં જ જાય અભવ્યને અને મિથ્યાત્વીઓને પણ ભાવક્રિયાથી ઠગાએલા માન્યા શાથી ? સિદ્ધપદની ધારણામાં ખામી રહી તેથી. આથી જિનેશ્વરની આરાધના કરનારાઓએ સિદ્ધપદ તરફ લક્ષ્ય રાખવાની જરૂર છે. આથી બીજું સિદ્ધપદ મૂક્યું.

વાહનની જોગવાઈ કરનારા આચાર્યો

અહીંથી ચંદ્ર મંગળનો ગ્રહ નજીક છે. જવાને ઉત્કંઠાવાળા છીએ, કેમ અટક્યા છીએ ? પહોંચવાનું સાધન નથી અરિહંતે મોક્ષનો માર્ગ અને સિદ્ધપણું દેખાડ્યું તેના ધોરવાળા થયા પણ બે પગે લુલા ને વાહન નથી. સાચું શહેર

સર્વ પ્રાણીઓને હિતકારી ધર્મ ઉદ્ભવ્યો–પ્રરૂપ્યો ...વાળા મુનિઓ કે જેઓએ તે ધર્મને પ્રવર્તાવ્યો ...)

સિદ્ધપદની ઉપેક્ષા અસ્થાને છે

આટલા માટે નવપદમાં પ્રથમ અરિહંત પદ નક્કી કર્યું. તિજોરી ન હોય તેમાં માલ ન હોય પછી દીવો કર્યો ચોરને ભગાડ્યો તેમાં શું વળ્યું ? દીવાની મહેનત અને ઉજાગરો બધા નકામાં છે. તેમ સિદ્ધપણું ન હોય અને આત્માને સર્વથા કર્મનો ક્ષય થતો જ નથી, વીતરાગપણું ટકતું નથી, આવી સ્થિતિ હોય તો તીર્થંકરનો કયો ઉપકાર ? તીર્થંકરનો ઉપકાર તો કર્મરૂપી ચોર ખસેડ્યાની બહાદુરી ઉપર છે. અર્થાત્ તિજોરીમાં સિદ્ધરૂપી માલ હોય તે ઉપર તીર્થંકર મળ્યા, દેશના સાંભળી, શાસન મળ્યું, દાનાદિકમાં તેમના કહ્યા મુજબ પ્રવર્ત્યા. આ ઉપરથી એક વાત માની કે મોક્ષ નથી તો ઠગાયા. સિદ્ધને ન માન્યા ને અરિહંતને માન્યા તો ઠગાયા. મોક્ષના માર્ગ માટે અરિહંત માન્યા છે છતાં મોક્ષ ચીજ ન હોય તો ઠગાયા. આથી અભવ્યને હંમેશાં ઠગાયાં માન્યા છે. ભલે અરિહંતની ઋદ્ધિ, જશ, દેવતાની સેવાને દેખી એક વખત અરિહંત માનનારો થાય પણ સિદ્ધ ન માને તો અરિહંતને માનનાર છતાં ઠગાય છે. અરિહંતને માનતાં મોક્ષ સિવાય બીજું સાધ્ય રહે તો મિથ્યાત્વ. તમને તરસ-ભૂખ લાગી છે. બીજો મળ્યો અને તેને કહો કે પાણી આપ. એક પ્યાલા પાણી પેટે આ તને મોતીની પોટલી આપું. એક રોટલાના ટુકડા અને પાણી પેટે લાખનું મોતી દઈ દો છો. સમજો છો છતાં કેમ દો છો ? કે મારો બીજો રસ્તો નથી. આ માણસને ઝવેરી-પણામાંથી બાતલ નહીં કરીએ. અર્ધા પૈસાની ચીજ લઈ લાખ

હે ભગવાન્ તમારા કહેવાથી સિદ્ધ થયેલા જોયા નથી અને બીજાના કહેવાથી સંસારમાં ડૂબતા જોયા નથી. વિતરાગતથી હું [illegible]

રૂપિયાનું મોતી દઈ દે તેને મૂર્ખ કેમ ન કહેવો ? આ લાખના મોતીને લાખના મોતી તરીકે સમજે છે તેથી લાખની ચીજને પૈસા પેટે દઈ દે છે આપત્તિ વખતે લૌકિક પદાર્થ માટે તેમની લૌકિક દેવાદિની સેવા કરે છતાં દેવાધિદેવની વાસ્તવિક કિંમત મગજમાં રહે તો સમ્યક્ત્વ ન જાય ઝવેરી ઝવેરીપણાથી ગયો નથી પણ લાખનું મોતી ગયું. પણ મોક્ષની ક્રિયા પુદ્‌ગલ ખાતામાં દઈ દીધી તેટલું નુકશાન થયું પણ જેમને મોતીની કિંમત નથી એવો પાલી પેટે મોતી આપ્યુ છતાં તેને મૂરખ કહીએ. કારણ કે હૃદયમાં બળતરા નથી કે લાખનું આપી દેવું પડે છે. તેમ જિનેશ્વરને મોક્ષ માટે જ માનવાના છે તે ભૂલે તો સમ્યક્ત્વથી ગયો. સંવર નિર્જરાની મોક્ષની પ્રાપ્તિ કરાવનાર એ જ છે. પૌદ્‌ગલિક પદાર્થ માટે તીર્થંકરની સેવા કરે અને સર્વજ્ઞના સ્વરૂપને ભૂલે તો મિથ્યાત્વમાં જ જાય અભવ્યને અને મિથ્યાત્વીઓને પણ ભાવક્રિયાથી ઠગાએલા માન્યા શાથી ? સિદ્ધપદની ધારણામાં ખામી રહી તેથી. આથી જિનેશ્વરની આરાધના કરનારાઓએ સિદ્ધપદ તરફ લક્ષ્ય રાખવાની જરૂર છે. આથી બીજું સિદ્ધપદ મૂક્યું.

વાહનની જોગવાઈ કરનારા આચાર્યો

અહીંથી ચંદ્ર મંગળનો ગ્રહ નજીક છે. જવાને ઉત્કંઠાવાળા છીએ, કેમ અટક્યા છીએ ? પહોંચવાનું સાધન નથી. અરિહંતે મોક્ષનો માર્ગ અને સિદ્ધપણું દેખાડ્યું તેના ઇચ્છાવાળા થયા પણ બે પગે લુલા ને વાહન નથી. સામું શહેર

તમારા વડે સર્વ પ્રાણીઓને હિતકારી ધર્મ ઉદ્દભવ્યો–પ્રરૂપ્યો તેમ જ તે ભાગ્યશાળી મુનિઓ કે જેઓએ તે ધર્મને પ્રવર્તાવ્યો (પરંપરાથી ફેલાવ્યો)

સારું છે. સડક ચોખ્ખી છે. પણ લુલાને શી રીતે સડકે થઈ
ગામ પહોંચવું ? શહેરની શોભા અને સડકના સાધનરૂપ
વાહન હોય તો જ લુલિયાને સડક અને શહેર કામનું.
આપણે પણ લુલા છીએ. ચારિત્રરૂપી બે પગ ખવાઈ ગએલા
છે. જ્ઞાનરૂપી ચક્ષુનું તેજ પણ ખવાઈ ગએલું છે. તેવા
જ્ઞાનવાળા અને આવા પાંગળાને જિનેશ્વરે શાસનરૂપી સડક
બતાવી, અને મોક્ષરૂપ નગર બતાવ્યું. આ બધું જોઈને શું
પાંગળાએ બળવું ? જેમ જેમ શહેરની શોભાનું વર્ણન કરે
તેમ તેમ પાંગળાને બળતરા વધારે ધણીના ગુણ જેમ જેમ
સાંભળે તેમ તેમ વિધવા બાઈ વધારે રૂવે. અહીં વિચારીએ તે.
ચારિત્ર અને જ્ઞાનરૂપી પગ આંખ વગરના જીવો જિનેશ્વરનું
શાસન સિદ્ધનાં સુખ સાંભળે તેમાં રોવાનું મળવે, એનું
રોવું મટાડે કોણ ? ગાડીવાળો અર્થાત્ વાહનવાળો તેમ
જિનેશ્વર મહારાજે મોક્ષની સડક કરી. શાસન એટલે મોક્ષની
સડક, માર્ગ એટલે મોક્ષનાં સાધનો અને તે સડકે સિદ્ધશિલા
શહેર જણાવ્યું છે એ બતાવ્યું. આ જીવ એવો પ્રમાદી છે કે
[illegible] થાય એટલે એની હૃદયરૂપી ધજા બીજે ફરકે. પવનમાં
જેમ ધજા ફરકે તેમ આ ફરકવાવાળો તો તેને જ્ઞાન
અને ક્રિયામાં આંધળો તથા પાંગળો ન કહેવો તો કેવો કહેવો?
[illegible] [illegible] સાંભળે છતાં જ્યાં સ્ત્રી છોકરાને દેખ્યા ત્યાં જ્ઞાનમાં
પાંગળા અને બે પગે લુલિયા. જ્ઞાનમાં તત્કાળ પરિણતિ બગડી
[illegible] અને ક્રિયામાં ધજાની પેઠે ક્ષણે ક્ષણે ચળવિચળ થાય.
[illegible] પગ ગળેલા દોરડા જેવા હોય તેવાને સડક અને શહેર

[illegible] જિન ! તમારા [illegible] [illegible] આઠ [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible]. [illegible] તમને સતત શાંતિ-શાંતરસને [illegible]
[illegible] છે.

સાંભળીને બળતરા થાય કે બીજું કંઈ થાય? આપણે જ્ઞાનમાં તદ્દન ખસી ગએલા અને ક્રિયામાં પૂરા પ્રમાદમાં ભરાએલા છીએ, માટે મોક્ષનો માર્ગ લાવો. મોક્ષના સુખ સાંભળીએ અને માર્ગ લાવો સાંભળીએ તો બળતરા થાય. એ બધું ટાળનાર હોય તો એક જ છે કે જેઓ આચાર્યપદે સ્થિત છે. આટલા માટે અરિહંત મોક્ષપ્રકાશક પ્રથમ પદે, સાધ્ય તરીકે સિદ્ધ મહારાજ બીજા પદે, તેમ ત્રીજા પદે આચાર્ય બિરાજમાન કર્યા છે. મોક્ષ એ શહેર તરીકે અને અરિહંતનું શાસન સડક તરીકે છે. પરન્તુ નીકળનારને કયા ઉપર પ્રથમ લક્ષ આપવુ પડે? તો સડક ઉપર પ્રથમ લક્ષ દેવું પડે છે. સડક કરતાં શહેર કિંમતી છે. તેમ અરિહંત કરતાં સિદ્ધ કિંમતી છે, પણ અહીં સિદ્ધ કરતાં અરિહંત ઉપર પહેલું લક્ષ આપવું પડે છે વાહનની તજવીજ સડકને કિનારે મળે તેમ આ વાહન કયાં? જિનેશ્વરના શાસન આગળ ઘરના ઓરડામાં મોટર ન મળે તેમ શ્રી ધન કુટુંબમાં મોક્ષમાર્ગ કે વાહન નહિ મળે માટે સડકને નાકે આવો. જિનેશ્વર શાસનના મોખરે તમે ખડા રહો તો તમને લઈ જનારા વાહનરૂપે આચાર્યો ઉભા છે. શાસનને અંગે આચાર્યપદની કિંમત કેટલી ? શહેર કે સડક સુખ ક્યારે દે ? વાહન મળે તો. આ જીવને પ્રેરણા કરનાર વારંવાર ઉપદેશ કરનાર ઉત્સાહ વધારનાર આચાર્ય ન મળે તો શાસન અને સિદ્ધપણું એ બન્ને નકામા છે. દુઃખિયાને બેએ બાળનારા છે. જો આચાર્ય ન મળ્યા હોય તો અરિહંતે કહેલો માર્ગ ને સિદ્ધપણું એ બે બળતરા કરાવનાર થાય.

જગતમાં સારભૂત વચન તે જ છે કે—જે શ્રોતાસમૂહને વિશ્વાસ પમાડે. અનાદિ અનન્ત અર્થવાળું તમારું વચન માનું છું જેથી અહિં મારી બુદ્ધિ સ્થિર છે.

અનુપમ સાધનસ્વરૂપ આચાર્ય ભગવન્તો

ગણધર મહારાજે આપણને કેટલો ઉપકાર કર્યો? અંગોની પૂર્વોની અને શાસ્ત્રોની રચના ન કરી હોત અને સાધુને ગચ્છપ્રવર્તનમાં ન ચલાવ્યા હોત તો, અરિહંતે મોક્ષમાર્ગ બતાવ્યો હોય કે સિદ્ધપણું સમજાવ્યું હોય તો પણ આપણા માટે કામ ન આવત. ગણધર મહારાજે શાસ્ત્ર ગૂંથી આપણને પ્રમાદ ટાળી માર્ગમાં પ્રવર્તાવ્યા એ બે પગ આચાર્યે આપ્યા. તીર્થંકરે આંખો આપી. આંખોથી સુંદર દેખ્યા છતાં પગ ન મળ્યા હોય તો દાવાનળમાં સપડાએલો પાંગળો કઈ દશામાં હોય? [illegible] નીકળવાનો રસ્તો દેખે છે. બહારની મોજ પોતે જાણે છે [illegible] તે પાંગળાનું થાય શું? જો આચાર્ય ન હોય તો અરિહંતનો ઉપદેશ સાંભળી સિદ્ધનું સુખ સાંભળીએ તો બળી જઈએ [illegible] નાનું રેંકડા જેવું સાધન મળી જાય તો લુલો આંખનો વધ[illegible] આભાર માને કે રેંકડાનું વધારે આભારીપણું માને? ખરેખ[ર] બચાવ્યો રેંકડાએ. તેમ જિનેશ્વર આગળ અને સિદ્ધ આગ[ળ] આચાર્ય ભગવંતો કંઈ ગણતરીમાં નથી, છતાં આપણ[ને] બચાવનાર કેવળ સૂરીશ્વરજી મહારાજ છે. આથી ત્રીજા પદ[ને] શાસ્ત્રકારોએ અરિહંતના સમાન આરાધવાના કહ્યા. આચા[ર્ય] [illegible] પરોપકારી કેમ? આંખ લુલાને ઉપકારી છતાં તેને ના[illegible] [illegible] અને નાનું ગાડું પણ ઉપકારી છે તેમ આચાર્યો જો ન [illegible] હોત તો તીર્થંકરો થયા [illegible], સિદ્ધ [illegible], પણ ગણધર [illegible] આચાર્યોની પરંપરા ચાલી ન હોત તો? શાસન ચાલુ ન

[illegible] અનાદિથી [illegible] પદાર્થોમાં સુખ માટે પ્રયત્ન [illegible] [illegible] સંસાર [illegible] [illegible]

ઉત્તરસ્થાનમાં આવે. વડનું બીજ નાનું ને વડ કેવડો? આટલા બીજમાંથી આવડું ઝાડ શું? ઝાડની સ્થિતિ બીજા પુદ્‌ગલો એકઠા થવાથી થાય છે.

ઝાંખા દીવાથી ઝગમગતો દીવો થઈ શકે છે

ઝાંખા દીવાથી તેજસ્વી દીવો થાય તેમાં કારણો સ્વતંત્ર છે. તેમ ગુરુની ભાવનાની તીવ્રતા કરતાં જો શિષ્યમાં દીક્ષિત થનારમાં અધ્યવસાયની પવિત્રતા થઈ જાય તો ઝાંખા દીવા સમાન આચાર્યથી ઝગમગતા કેવળજ્ઞાનવાળા પણ શિષ્યો થઈ શકે છે. સિંહગિરિ આકાશ લબ્ધિવાળા નહીં, ભદ્રગુપ્તસૂરિ આકાશ લબ્ધિવાળા કે વૈક્રિયલબ્ધિવાળા નહી. છતાં વજ્રસ્વામી તેમના આલંબને વધેલા છતાં તેમના શિષ્ય આકાશગામિની અને વૈક્રિય લબ્ધિવાળા થયા. આચાર્ય છદ્મસ્થ સરાગી હોય તો પણ તેમને ત્રીજે પદે મોક્ષના હેતુ તરીકે આરાધવાની જરૂર છે. કોડિયુ દીવેટ તેલથી ઝાંખા દીવાના આલંબને દીવો થયો, પણ ટોપલો રૂ હોય ઘણું તેલ હોય તેનો પ્રકાશ કેટલો થાય? તેમ ઉત્તમ જીવો ઉત્તમ પરિણતિવાળા છતાં આચાર્યનું આલંબન ન લે તો ટોપલા રૂની માફક એમને એમ પડ્યા રહે માટે આચાર્યની આરાધનાની જરૂર. સરાગી છદ્મસ્થ છતાં આચાર્યની આરાધનાની જરૂર માલમ પડશે. આથી નિહ્નવોને અવિરતિ મિથ્યાદૃષ્ટિને આરાધનકરવામાં અડચણ શું? ઓલવાઈ ગએલા દીવા કેટલા દીવા પ્રગટ કરે? ઝાંખાથી સેંકડો થશે. મિથ્યાદૃષ્ટિ અવિરતિ આચાર્ય નામધારી હોય તો ઓલવાઈ ગએલા દીવા સમાન છે. તેમ સરાગી છદ્મસ્થ આચાર્યો ઝાંખા

સંસારનાં ભવના અર્થે જીવો સુખ-દુઃખથી થતી વેદનાને અનુભવે છે પણ બીજ કેવા તેના ભવને જાણતા નથી.

દીવા સમાન છે. સળગતી દીવેટ છે ત્યાંસુધી બીજા દીવા કરાય છે તેમ આમાં દીપક નામનું સમ્યક્ત્વ માનીએ છીએ અભવ્યપણે માલમ પડેલા જીવથી કોઈ સમ્યક્ત્વ પામ્યો નથી, મોક્ષ પામ્યો નથી. અભવ્ય તરીકે માલમ પડયો હોય તેનાથી પરંપરા ચાલે નહીં. ચાલુમાં આવા અવિરતિ મિથ્યાદ્રષ્ટિ જીવો આલંબન તરીકે શાસનમાં ચાલી શકે નહિં. સરાગ છદ્મસ્થ જીવો ચાલે, આનુ કારણ શું ? આ તો તમે બચાવ કરો છો. જો સરાગ છદ્મસ્થપણું મોક્ષમાર્ગમાં બાધક છે તો અહીં પણ બાધક છે કે નહિ ? શંકા વ્યાજબી કરી છે પણ એક જ વાત ધ્યાનમાં લેવાની છે. પુલ ઉપર રહેલો મુસાફર અને અથાગ પાણીમાં તરનારો નીચે નદીમાં ડુબતાને શું કરે ? જેને જેનું આલંબન તે તે સ્થાને હોવું જોઈએ. મોક્ષે જવાનું આલંબન મોક્ષના માર્ગમાં જોઈએ મોક્ષના માર્ગની બહાર રહેલો આલંબન બને નહિ. અહીં વિરતિ અને સમ્યક્ત્વ આવ્યા વગર મોક્ષનું પગથિયું નથી. અવિરિતિ સમકિતદ્રષ્ટિ પુલ ઉપર રહેલો લંગડો છે તે સાયકલ ઉપરથી પહેલાને ટેકો દઈ શકે છે જેને સ્થાનની અંદર આવવા તરીકે ભલે વીતરાગપણું નથી તે આલંબનદાયક થઈ શકે છે. માટે આ યુક્તિથી અને ગૌતમસ્વામીના દ્રષ્ટાંતથી કોઈ ભવ્યાત્માઓએ તીર્થંકરોના સમાગમ નહીં છતાં તીર્થંકર નામકર્મ બાંધ્યાં છે. અવિરતિ મિથ્યાત્વના ખાડામાં રહેલો આલંબનીય નથી. અરિહંતે કરેલો ઉપકાર સિદ્ધપદની આરાધના હુલિયાને ત્યારે જ સફળ થાય કે

હંમેશા પોતાને વેદવા યોગ્ય દુઃખ-સુખાત્મકે જે ક્રિયા તેને મૂલસહિત જાણ્યા વગર જ બીજા દેવો સર્વજ્ઞતાને ધારણ કરે છે તે આશ્ચર્ય છે અર્થાત્ તેનું મૂળ શું તે જાણતા નથી

જ્યારે આચાર્યરૂપી ગાડી મળે. આપણા આત્માના આ ભવને સુધારનાર પ્રબળ સાધન હોય તો તે આચાર્ય જ છે અહીં રત્નશેખરસૂરિ કહે છે કે જીવોની બુદ્ધિ એક જ છે કે ૨૪ કલાક સંસારચક્રની રમતમાં રસિક આ વાતમાં બધા એક જ મત છે અને આ મતમાં ભેદ જ નથી, સુખ જોઈએ. આ આ મત–બહાર કોઈ નથી. રસોડું ખરે બપોરે એક મત કરે છે. સુખ એક જ મત દરેક વખતે રાખે છે ખરે બપોરે એક મત છતાં ખાવાલાયક ન ખાય ને પથરાને બટકા ભરે તો શું થાય? દાંત ભાંગે ને પેટ ખાલી. તેમ સંસારચક્રમાં એક જ મત છે. સુખ સુખ ને સુખ. તેમાં સુખનાં સાધનો લો તો ઠીક પણ તે ન લેતાં દુઃખનાં સાધનો લો તો પેટ ભૂખ્યું રહે ને પથરા દાંત ભાંગે. તેમ આચાર્ય સુખનું સાધન. જો આચાર્યનું શરણું ન લે તો પરિણામ શું? અહીં મોક્ષ દૂર રહે ને દુર્ગતિમાં રખડવાનું થાય? પણ મનમાં ઠસી ગયું તે ન ખસે. શાસ્ત્રકારોએ ચોખ્ખા શબ્દોમાં જણાવ્યું કે કુટુંબાદિક રખડાવનાર છે, છતાં ઇંદ્રિયોએ સુખ જણાવ્યું તે પ્રત્યક્ષ સુખ દેખ્યું છું. કેવળજ્ઞાનીનું કહેલું સુખ કબૂલાતું નથી. ચામડાને વળગી રહીએ છીએ. જીવતાને મરેલો માનવો તે મૂર્ખાની દશા. તેમ કેવળજ્ઞાનીનું માનીએ તો ચામડાનું માનવું ખોટું પડે. કેવળજ્ઞાનીઓએ આત્માને માટે કહ્યું તે ભલે ખોટું થાય પણ ચામડાનું ખોટું ન પડવું જોઈએ! આપણે ઇંદ્રિયોના ભરોસે કેવળીનાં વચન માનવા તૈયાર થતા નથી. તને ગળ ચૂસ પાડનાર સુખની જડ કઈ? માબાપે શરીર માત્ર બિરાજ્યા

[illegible] પોતાના જ્ઞાનને તેના આચ્છાદકને જાણ્યા વગર માત્ર [illegible] 'મને સર્વજ્ઞપણું પ્રાપ્ત થયું છે' એમ માને છે–પ્રકાશે છે [illegible] જ્ઞાન અને પ્રકાશન અજ્ઞાનમૂલક છે.

નહીં તેથી તેને જ સાધ્ય ગણે. મૂળ વાતમાં આવીએ
એવું સમ્યક્ત્વ. ૬૯ તૂટી તે અજ્ઞાનમાં તૂટી, સમજે શું?
તેનો સવાલ ક્યાં છે? ગામડીયા કાયદામાં શું સમજે? તેથી કાયદા વિરુદ્ધ ન વર્તે તો શિક્ષા કરો ખરા? ગુના રહિત
કાર્યોથી દૂર રહે તો સજાથી બચી જાય. વકીલો, બેરીસ્ટર
ગુનાથી બચે, તો નહીં સમજનારા ગુનાથી બચે તેને શિક્ષા
થતી નથી. તો ઝવેરી સિવાય બીજા પાસે ઝવેરાત હોય તે
ફેંકાવી દેવું? એ ઝવેરાતમાં શું સમજે? સમજવાથી ફાયદો
છે તેમાં ના નહીં, પણ અણસમજનો અર્થ એ નથી કે પાપનો
પરિહાર નકામો છે. પાપના પરિહારથી ફાયદો જ છે. શાલિભદ્રનો
જીવ, કયવન્નાજીનો જીવ બાળક છે. ઢોર ચારનાર એણે શાલિભદ્ર
પણું શામા મેળવ્યું? દેવતાને ચાકરી કરવી પડે. શ્રેણિકને રિદ્ધિથી
આશ્રિત થવું પડ્યું શાથી? આપણે પુણ્ય મેળવીએ તેમાં
કર્મની વર્ગણા કેટલી જાણી? અજ્ઞાનતાનો અર્થ એ નથી કે
ખોટું છોડાતું હોય તે ન છોડવા દેવું. જ્ઞાન મેળવવાની જરૂર
પણ જ્ઞાન જોઈએ એનો અર્થ એ નથી કે જ્ઞાન વગર પુણ્યનાં
કર્મ ન કરવું તેમ નહીં. અજ્ઞાનપણે ધર્મના કાર્યોમાં પ્રવૃત્તિ
થઈ હોય તો લાભ જરૂર છે. હવે વિરુદ્ધ ઇચ્છા ઉપર આવીએ.
વિરુદ્ધ ઇચ્છાએ કરેલું ધર્મકાર્ય સદ્ગતિ આપે છે. શ્રીમંત
શાળામાં લઈએ. કુશલભદ્રના નાના ભાઈનો. સંવત્સરીનો ...
છે. મહા મોટી બેન છે. ભાઈ આજ નવકારશી કર. પર
પૂરી કરી. રમવા દહેરે જઈ આવીએ, પોરસી થઈ જશે.
સાંજના વખત થયો. આમ કરી ચોસઠ ઉપવાસ. આમ ગયા.

આ બધા ધર્મોથી પ્રવાહે કામ આદિને અનંત આત્માઓ [illegible] માને છે. તે કામ ક્રોધ આદિથી પૂર્ણ એવા દેવ-ગુરુઓને ધર્મ [illegible] કેમ માનીશકે છે!

દેશના સાતમી

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય સોમપ્રભસૂરિ ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મોપદેશ દેતાં થકાં આગળ જણાવી ગયા કે આ સંસારમાં દરેક જીવ સુખની ઇચ્છા કરે છે. કોઇપણ જીવ તપાસીએ તો એક જ વસ્તુની ઇચ્છા કરે છે. બીજી ઇચ્છાઓ બનાવટી કે દુનિયાની શીખાયતની છે. દુનિયાની શીખાયત થાય ત્યારે બીજી ઇચ્છાઓ થાય છે. દુન્યવી પદાર્થો તરફ તેવી પ્રવૃત્તિ કરતા નથી. નાના બચ્ચાને મોતીના ઢગલા પર બેસાડયો હોય ત્યાં તે મુતર પેશાબાદિક કરે છે. દુનિયાએ જે પદાર્થ માન્યો તે કિંમતીપણાની કિંમતની ફૂંક હજુ તેને મળી નથી જગતની ફૂંકોથી બીજા પદાર્થ તરફ રાગદ્વેષ થાય છે. સુખનું સાધન જે ભાસે તે લેવા તૈયાર, દુઃખનું સાધન છોડવા તૈયાર. ગર્ભમાં બાલપણમાં જુવાન કે વૃદ્ધમાં આ એક જ સુખની ઇચ્છા ને દુઃખથી દૂર રહેવું. તો દરેક જીવ સુખ પામી કેમ શકતા નથી? દુઃખથી દૂર કેમ રહી શકતા નથી? ઇચ્છા માત્ર કાર્ય સિદ્ધ કરનાર હોય તો દરેક સુખ પામી જાત પણ ઇચ્છા માત્રથી કાર્યસિદ્ધિ થતી નથી. કારણો મળે તો ઇચ્છા સિદ્ધ થાય. આ વાત ધ્યાનમાં રાખીએ તો નિશ્ચય થશે કે કાર્ય કરનાર માત્ર કારણ. આથી નીતિકારે નિયમ રાખ્યો કે કાર્ય કારણ વગર બને નહિ.

[illegible] આ ભવસમુદ્રથી અનંતા પ્રાણીઓ [illegible] [illegible] સમુદ્રમાં શું મોટો વિચાર હોય!

કરણી કરો અગર ન કરો તો કર્મ લખાએલાં છે. અવિરતિ ટાળો નહિં, વિરતિ કરો નહિં ત્યાંસુધી અવિરતિનાં કર્મ લલાટે લગાડેલાં છે.' પંચેંદ્રિય જીવો પણ સમ્યક્ત્વ મિથ્યાત્વનો વિચાર કોણ કરે છે. હજુ આર્યક્ષેત્રમાં વિચાર હોય પણ આર્યક્ષેત્ર માત્ર બત્રીસ હજારમાં સાડી પચ્ચીસ. આર્યક્ષેત્ર હજારમા ભાગ કરતાં ઓછા. એટલા ક્ષેત્રમાં વિરતિ અવિરતિ સમ્યક્ત્વ મિથ્યાત્વનો વિચાર આવે બાકીના ક્ષેત્રમાં વિચારનો અવકાશ નથી. પછી કયાંથી લાગી જાય?

જે બાબતનો વિચાર ઉચ્ચાર પ્રવૃત્તિ નથી છતાં તમે એ નિયમ રાખ્યો. બીજાએ ન્હાય તેટલું પુણ્ય નિયમ રાખો છે. તમારા હિસાબે અવળું છે. દેવાદાર હોઈએ, દીધું એટલું ન્હાયા નહિં, પણ બાકી રહ્યું તેટલું વેઠવાનું. જેમ લાખનું દેવું કર્યું હોય, પંચોતેર હજાર આપી દઈએ તો પચ્ચીસ હજારનો ખટકો રહ્યો. તેમ અવિરતિ જેટલી તેનો ખટકો. વિરતિ કરી તેનો ફિકર નહિં. વિરતિ એ તો આત્માનો સ્વભાવ હતો ને થઈ ગયો. શરીરે સો ગુમડા, તેમાં પચ્ચીસ ગુમડામાં આરામ થયો તો પંચોતેરની વેદના. વેદનાની ચેન કયારે, એક પણ ગુમડું ન રહે ત્યારે. મટ્યાની મના નથી.

વિરતિ કરો એમાં તો આત્માનો ધર્મ, પણ વિરતિ ન કરો તે ગુમડાં છે, આ લક્ષ્યમાં લો તો, ન્હાયા એટલું પુણ્ય એમ નહિં બોલાય. પચ્ચીસ ગુમડાં મટી ગયાં તો લીલાલહેર

દેવ, આગમ, ધર્મ અને ગુરુઓને હે પ્રાણી! [illegible]

પણ રોવું છે. એ તો રોવા માટે જ જોડાયા છે. બેમાં ફરક કેટલો? ઊભે પગે જવામાં જવાવાળો સાંભળે છે. રોવું કકળવું દેખાવમાં છે. પણ આડે પગે ગયો તેનું શું?

ચાહે તેટલું રોવો તેમાં તે શું સાંભળે? એમને તો બેમાંથી કોઈપણ પ્રકારમાં રોવું છે. ચાહે રાજીનામું દઈને કે રજા લઈને જાઓ તેમને તો રોવું એ રજીસ્ટર્ડ છે, ત્યારે સરવાળામાં શૂન્ય દેખ્યાં છતાં પ્રવૃત્તિ કેમ થાય છે? કહો કાળજું રહેતું નથી. સગર ચક્રવર્તી બ્રાહ્મણને શિખામણ દે છે, સંસાર અનિત્ય છે બધું કહે છે. જે વખતે બ્રાહ્મણ કહે છે કે તારા સાઠ હજાર મર્યા તે વખતે સગર ચક્રવર્તીની શી દશા થાય છે?

પોતાને ત્યાં આવે તે વખતે રુદન થઈ શકતું નથી. સ્નેહને લીધે સમજણમાં શૂન્ય મેલાઈ ગયું. જે સગર ચક્રવર્તી બ્રાહ્મણને શિખામણ દે છે તે શિખામણમાં શૂન્ય. સ્નેહથી મેલાયું એ વાત બાઈઓ સારી પેઠે સમજે છે. આ ઘેર આજે કોઈ મરણ થયું તે વખત આ પોક મેલે. જોડેવાળી ચાર જણ પોક મેલવા આવે. દશ મિનિટમાં જોડેવાળી બંધ થઈ પેલીને સમજાવે, સંસાર અનિત્ય વિગેરે સમજાવે. એમ કરતાં કરતાં પા અર્ધો કલાકે શાંત કરે. હવે કોઈ વખત આને ઘેર મરણ થયું. ત્યારે તે તેને સમજાવે. પણ એ બાઈ તુચ્છ જાતની ગણાય, હલકી બુદ્ધિની ગણાય પણ એવી એકે નથી કે બોલે, બેન તારે ઘેર હતું ત્યારે કેમ બોલતી હતી?' તેમ

[illegible]

દયા તે પ્રથમ શબ્દ માત્ર જ્ઞાનની સાધનતા જણાવવા માટે છે. અને તઓ શબ્દ તે જ્ઞાનથી વિરતિ જ જણાવે છે. તતઃ શબ્દથી વિરતિનું ફળ જણાવે છે. બન્ને વસ્તુનું તત્ત્વ શું? ज्ञानस्य फलं विरतिः શાસ્ત્રકારો તે જ્ઞાનને જ્ઞાન કહેવા તૈયાર નથી, કારણ કે तओ એટલે पश्चात्कालभावि જ્ઞાન=કારણ વિરતિ=કાર્ય ન થાય તો કારણ નકામું છે.

સાધ્ય સિદ્ધિ ન થાય તો તે જ્ઞાન અજ્ઞાન છે

દશવૈકાલિક આવશ્યક અને પ્રશમરતિના વાકયથી જ્ઞાનને કારણ ગણી કંઈક ધારણા રાખી હતી પણ વિશેષાવશ્યકકાર શ્રી જિનભદ્રગણી ક્ષમાશ્રમણજી આગળ વધ્યા છે. જ્ઞાનનું કાર્ય ન હોય તો જ્ઞાનને જ્ઞાન ન કહેતાં અજ્ઞાન જ કહેવું. દશવૈકાલિક આવશ્યક તથા પ્રશમરતિકારે જ્ઞાનને કારણ ગણ્યું. ત્રણ જગો પર કારણની વાત લક્ષમાં રાખી કાર્યનો ઉદ્‌ભવ કથંચિત થાય તે અપેક્ષાએ જ્ઞાન કહ્યું. नाणी चरणेण हीणो ત્યાં જ્ઞાની કહ્યો પણ ભાષ્યકાર જિનભદ્રગણી ક્ષમાશ્રમણ પૂર્વની ગાથા લઈને ફળસિદ્ધિ વગરના જ્ઞાનીને અજ્ઞાની કહે છે. પૂર્વમાં રહેલી ગાથા લઈને કહે છે કે જ્યાંસુધી જ્ઞાનનું ફળ આવે નહિ, ત્યાંસુધીનું જ્ઞાન તે અજ્ઞાન ગણવું. કારક સમ્યક્ત્વવાળાની અપેક્ષાએ રોચક સમ્યક્ત્વવાળા શ્રેણિક પ્રમુખ મિથ્યાત્વી છે. એ હાથ કાપડ ભરે છે પણ [illegible] કાપડ કાપતા નથી. કારક સમ્યક્ત્વની અપેક્ષાએ રોચક સમ્યક્ત્વવાળા મિથ્યાત્વી છે. નિશ્ચયવાળા એકલું ભાળે છે કે [illegible] જ્ઞાનદર્શનના [illegible] છે જ. કાળમાં [illegible] રત્ન ન કહેવાય. [illegible] કરતાં કામ [illegible] છે. [illegible] કરતાં [illegible] જુદા છે.

[illegible]

સર્વવિરતિરૂપ સશક્તઆશ્રમમાં ન જાય ત્યાંસુધી દેશવિરતિવાળા અશક્તાશ્રમવાળા છે. ત્રણ ગ્રન્થકારોએ કારણ ધ્યાનમાં રાખી જ્ઞાન શબ્દ પણ વાપર્યો. પૂર્વધર મહારાજે કારણની કિંમત તેટલી ન ગણતાં અજ્ઞાન કહ્યું જ્ઞાનનું ફળ નથી તેથી મિથ્યાદૃષ્ટિ છે અને તેથી અજ્ઞાની છે. કોઠારનું અનાજ તેને અંકુરાનું કારણ નૈગમ સંગ્રહ માને. ઋજુસૂત્રવાળો અંકુરો થવાની નજીકમાં દાણો તૈયાર છે ત્યારે અંકુરાનું કારણ દાણો ગણે છે અર્થાત્ જે વખતે અંકુરો થવાની તૈયારી છે તે વખતનું બીજ તે અંકુરાનું કારણ. તેમ દશવૈકાલિકકાર વિગેરે ત્રણ આચાર્યો કારણપણું માની દૂરનું કારણ માની તેને જ્ઞાન કહે છે. જ્યારે પૂર્વધર મહારાજા દૂર કારણને કારણ ન માનતા કુર્વંત રૂપત્વ બીજમાં કુર્વદ રૂપત્વ હોય તો (એટલે તદ્દન નજીક હોય તો) બીજને અંકુરાનું કારણ ગણે, બીજા બધાને અંકુરાનુ કારણ ન ગણે. બીજ વાવ્યુ વરસાદ થયો. હવા આવી પછી અંકુરો થવાની તૈયારીમાં જ કારણ ગણે. પૂર્વધરો જ્યાં ફળ નથી ત્યા જ્ઞાન માનવા તૈયાર નથી આ જ્ઞાનનું વિવેચન સાંભળી કેટલાકને એમ થશે કે અહીં ચારિત્રને શિખરે ચડાવ્યું. જ્ઞાનની દશા ચારિત્રના ચાકર તરીકે છે. વિરતિના અણવર તરીકે જ્ઞાન માત્ર ગણાવ્યું છે. સૂત્રથી સિદ્ધ થએલી વાસ્તવિક અવસ્થાની વાત માનતા ખટકો લાગે છે. વિરતિ લોઢાના ચણા ચાવવા જેવી કઠણ ને નીરસ લાગે છે. સંયમ સામા પૂરે તરવા જેવું દુષ્કર લાગે છે, તેથી જ્ઞાન માત્રમાં જેઓને કિંમત કરાવવી છે તો જ્ઞાન કેમ ઉડાડી દો છો? જવાબમાં સાંભળો—

મોક્ષાર્થી સિવાય સાચા સુખનો અર્થી જગતભરમાં કોઈ નથી

ધર્મ અમૃત છે. અમૃતનો ઉપયોગ છૂટે હાથે કરનાર દાનેશ્વરીઓની પ્રભુશાસનમાં જરૂરિયાત છે.

સર્વારાધક જ્ઞાન

શાસ્ત્રકાર જ્ઞાનને સર્વ આરાધક કહે છે. આજે જ્ઞાનનું સર્વ-આરાધકપણું વાસ્તવિક નહિં પણ ઉપચરિત છે. વાસ્તવિક શું છે? દેશવિરાધકપણું. જ્ઞાનવાળો દેશવિરાધક અને ક્રિયાવાળો દેશ-આરાધક, જ્ઞાન અને ક્રિયા બન્ને બરોબર હોય તો સર્વ-આરાધક, એકે ન હોય તો સર્વ-વિરાધક, આ ચાર ભાંગા લક્ષમાં લેવા. એકલી ક્રિયાવાળાને જ્યારે દેશ આરાધક ગણ્યા ને એકલા જ્ઞાનવાળાને દેશ-વિરાધક ગણવામાં આવ્યા છે દેશ-આરાધક ને દેશ-વિરાધક શબ્દ વિચારો. જ્ઞાનવાળાને દેશ-આરાધક ન કહ્યો. દેશઆરાધક કહેવું હતું ને? તે કેમ ન કહ્યું? જ્ઞાનવાળો ત્યારે કે મારી દૃષ્ટિએ નથી બનતું તેટલી વિરાધના કરી રહ્યો છું. મારા [illegible] વિરાધના બને છે તે ઉપર લક્ષ્ય હોય તેથી એકલા જ્ઞાનવાળાને વિરાધક કહ્યો. વિરતિના લક્ષ વગરનાને વિરાધક [illegible] એકલી ક્રિયા કરવાવાળાને સર્વનું જ્ઞાન નથી. શું મારું [illegible] આત્મસ્વરૂપ સંપૂર્ણ સ્થાન આરાધન કર્યું તે લક્ષ નથી. આટલું હું કરું છું. ક્રિયાવાળાને આટલું કરું છું ને જ્ઞાનવાળાને આટલું ઓછું કરું છું તે લક્ષ છે, જ્ઞાનવાળાને લક્ષ સંપૂર્ણ પર છે. આટલી મારામાં ઓછાશ છે, તે જ્ઞાની માને. [illegible] સંપૂર્ણ દૃષ્ટિએ પહોંચ્યા નથી. આટલું કરું છું તે [illegible] ક્રિયાના દેશ માફક સર્વ આરાધકને ઉપચરિત કેમ કહ્યું? દેશ વિરાધક જ્ઞાન કહેવું હતું ને? જ્યાં ત્યાં દેશ-[illegible] જ્ઞાન કેમ ન બોલાયું? તો અહીં જ્ઞાન કયું લીધું? [illegible] જ્ઞાન લીધું છે, કે જેમાં ચારિત્રની નિસરણી માંડી છે. [illegible] છે. [illegible] છે [illegible] જ્ઞાની કહેવાના છે.

[illegible]

શાસ્ત્રકારોએ વિરતિવાળાની નિશ્રાએ રહેલા અવિરતિવાળાને વિરતિ ન માની. અવિરતિવાળો હોય ને વિરતિવાળાની નિશ્રાએ રહે તો વિરતિવાળો થઈ જાય એમ નથી પરંતુ અજ્ઞાની જ્ઞાનીની નિશ્રાએ રહે તો જ્ઞાની ખરો. આથી બીજાના આત્મામાં રહેલું જ્ઞાન કામ લાગે છે પણ પોતાના વિરતિ સંયમ ક્રિયા બીજાને કામ લાગતાં નથી. સમકિત પામીએ તે આપણા આત્માના જ્ઞાને કે પારકા આત્માના જ્ઞાને? જિનેશ્વરે જ્ઞાનથી જાણ્યું ને કહ્યું તેને તહત્તિ માનીએ તો સમકિત. તેમાં જેટલા પદાર્થો જાણીએ તેટલું માનીએ એમ નહિ. જીવ સાક્ષાત્ જોઈએ તો પછી જીવ માને તો સમકિત એવું કથન શાસ્ત્રનું છે જ નહિ, સમ્યક્ત્વના સ્વરૂપમાં કહ્યું કે અસંખ્યાત પ્રદેશી આત્મા છે, કર્મનો કર્તા, આત્મા નિત્ય છે અને ભોક્તા છે, મોક્ષ છે અને મોક્ષના સાધન છે તે માન્યું તો સમકિત. કોના જ્ઞાને આ માન્યું? કહેવું પડશે કે જિનેશ્વરોના જ્ઞાને. જીવને કર્મ કરતો આપણે દેખી શકતા નથી. મોક્ષને અને તેના ઉપાયોને આપણે દેખી શકતા નથી. કેવળી મહારાજે જાણ્યા ને કહ્યા તે આધારે અમે માનીએ તો સમકિતી કહો ભાડુતી જ્ઞાન. એમ ચારિત્ર માની લઈએ તો ચારિત્રી ખરા? ચારિત્ર આચરણનો વિષય. આચરણ સ્વતઃ થવું જોઈએ. જીવાદિક તત્ત્વો પ્રત્યે શ્રદ્ધા અને જ્ઞાનનો વિષય તે બીજાથી સાંભળીને સદ્દહી શકાય પણ ચારિત્ર પોતે જ આચરવું પડે. જ્ઞાન બીજામાં રહેલું બીજા આત્મામાં કામ કરે નહિ. ચારિત્ર ભાડાની ચીજ નહિ. મિલકત પોતાની જોઈએ. દસ્તાવેજ વકીલ કરી દે પણ મિલકત વકીલ ન આપી દે. એમનાં વચનો વારંવાર યાદ કરો તો જ્ઞાન થાય પણ ચારિત્ર

[illegible]

પોતે જ આદરો તો થાય. પોતાના આદર્યા વગર ચારિત્ર થઈ શકતું નથી.

સાધનનો સદુપયોગ

દરદીને ઠંડા પદાર્થો વાપરવામાં વાયુ થાય અને ગરમ ખાવામાં લોહી પડે. તેમ કેટલાકને જ્ઞાનની કિંમત ઓછી કરી તેથી એમાં શું? એમ કહેનારે લક્ષમા લેવું કે આંખ સાધન ચીજ છે કે સાધ્ય ચીજ? કહેવું પડશે કે સાધન. શત્રુ, મિત્ર, લાલ, લીલું, સોનું, પિત્તળ ઓળખવા તે બધામાં આંખ સાધન છે સાધન હોવાથી કરી નકામી ગણી? આંખ પદાર્થ સાધને લાવનારી ચીજ નથી. લાવવાનું કામ હાથ કરશે. તેટલા માત્રથી આખ નકામી ચીજ ન ગણી. આખા જીવનને અંગે આંખ સાધન છતા જરૂરી છે, તેમ જ્ઞાન સાધન છે આંખથી મોતી જાણે ને કાંકરો જાણે. છતાં મોતી ફેંકી દે ને કાકરો કોથળીમાં નાંખે તો આંધળો ન હોય તો પણ તેને આંધળો ગણીએ તેમ અહીં જે આત્મા જ્ઞાનરૂપી સાધન પામ્યો ને પછી અવિરતિ આત્મામાં ભરે ને વિરતિથી છેટો રહે તો દેખતી આંખે દેખીને બેવકૂફી કરનારા આંધળા ગણાય. તેથી જગતના જીવોની અપેક્ષાએ આંખની કિંમત ઓછી થતી નથી. અવિરતિથી ડરતા નથી તેવાનું જ્ઞાન ભલે નકામું ગણાય તેટલા માત્રથી જ્ઞાન બીનજરૂરી છે તેમ કહી શકાય નહિ. આંખ સાધન હોવાથી નકામી ન ગણાય તેમ જ્ઞાન સાધન હોવાથી નકામું ન ગણાય. પરન્તુ અહીં જે અવિરતિથી નહીં ડરનારા, વિરતિની ઉત્તમતા નહિં જાણનારા ને એવાને જ્ઞાનચક્ષુ ભલે નકામી હોય પણ જૈનશાસનમાં તેવું જ્ઞાનચક્ષુનમાન ઉપયોગી ગણ્યુ છે. તેટલા માટે દરેક અનુયોગની શરૂઆતમાં જ્ઞાનની વ્યાખ્યા કરવાની

આત્માએ પરમાત્મા બનવું હોય તો સ્વ-સ્વરૂપમાં રમણતા કરવી

પ્રાયિક નિયમિનતા રાખી છે. અને કથનનો નિયમિત નિયમ રાખ્યો છે. તેથી ભદ્રબાહુસ્વામીને પાંચ જ્ઞાનનું નિરૂપણ કરવું પડ્યું છે. બળદ ગાડામાં જોડાય, ધોંસરૂં ઊંચું કરે તેથી ખાંધ નાંખી દે. સાંઢ ગાડું દેખી ભાગે તેથી સારો ન ગણાય. જે સૂત્રની વિધિને અનુસરનારા હોય તે વ્યાખ્યા કરવાની રીત પ્રમાણે વર્તે અને કરે તે પરાધીનતા છે એવું અક્કલવાળો ગણે નહિ. આથી જ્ઞાનનું કથન ને વ્યાખ્યા આવશ્યક નિર્યુક્તિની ગાથામાં કરવા પડયાં.

મોક્ષના પારિણામિક કારણ અને અપેક્ષા કારણનું વ્યવસ્થિત વર્ણન

જૈનોએ આત્માના સ્વભાવ ત્રણ માન્યા છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્ર. એ ત્રણેને આત્માના સ્વભાવ માન્યા છે. તેથી નક્કી થયું કે મોક્ષનું પરિણામી કારણ સમ્યગ્-દર્શન જ્ઞાન ચારિત્ર છે દાન શીલ તપ અને ભાવ એ ચાર પ્રકારના ધર્મ છે. તે ચારેને મોક્ષનાં કારણો પણ કહેવાય ખરાં, પણ તે કયા કારણો ? પારિણામિક કારણ નહિં પરંતુ અપેક્ષા કારણો. દાન મોક્ષનું કારણ છે અને શીલ તપ ભાવ એ મોક્ષનાં કારણ ખરાં પણ પારિણામિક કારણ નહિ ત્યારે શું ? અપેક્ષા કારણો છે, પણ પારિણામિક કારણ નથી પારિણામિક કારણ કયું? જેમાં આત્માની તમામ એક અવસ્થા બીજી અવસ્થા ઉત્પન્ન કરે છે મોક્ષ અવસ્થા ઉત્પન્ન કરનારી આત્માની કઈ અવસ્થા ? સમ્યગ્-દર્શન જ્ઞાન ને ચારિત્ર અવસ્થા. તે જ મોક્ષની પરિણામ-વાળી ચીજ છે. દાન, શીલ, તપ, ભાવ તે મોક્ષની પરિણામવાળી ચીજ નથી પરન્તુ સમ્યગ્દર્શન જ્ઞાન ને ચારિત્ર છે.

આથી દાન, શીલ, તપ, ભાવ તે મોક્ષમાં ન માન્યાં. દાનની લબ્ધિ ભલે ક્ષાયિકના ઘરની થઈ તોપણ શાસ્ત્રકારે તેને સાદિ સાંત કહી દાનાદિક ક્ષાયિક લબ્ધિ સાદિ સાંત થાય છે અને સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રની ક્ષાયિક લબ્ધિ સાદિ અનંત માની. સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર સાદિ અનંતના ભાંગામાં માન્યા છે શીલરૂપ ચારિત્ર ભવના અંતવાળું હોય, પણ વીતરાગરૂપ ચારિત્ર ભવના અંતવાળું નથી. ચારિત્ર એટલે વીતરાગત્વ. વીતરાગત્વને ચારિત્ર ન માનો તો સંજ્વલન કષાય માનવાની જરૂર નથી. સંજ્વલન કષાય વીતરાગત્વનો ઘાત કરે છે. મોક્ષે જનારાઓને સંજ્વલનના ઉદયવાળા માન્યાં છે સંજ્વલનના ઉદયવાળાને સંજ્વલન જવાથી વીતરાગપણું આવે છે અપ્રત્યાખ્યાની કષાયના અને પ્રત્યાખ્યાની કષાયના જવાથી દેશવિરતિ સર્વવિરતિ માનીએ છીએ.

દેશવિરતિ એ બાળવર્ગ

જે દેશવિરતિ સર્વવિરતિનું સાધન છે. દેશવિરતિ એટલે બાળવર્ગ. બાળધોરણ સ્કૂલોમાં છે તે શા માટે? મોટી સ્કૂલોમા નિશાળમાં ભરતી કરવા માટે. તેમા પાસ થાય તે મોટી નિશાળમાં જાય. સર્વવિરતિ તે પણ વીતરાગતા પામવાનો બાળવર્ગ. જે મુખ્ય વીતરાગપણાનાં સાધન હતાં બને છે. વીતરાગપણું સાધ્ય હતું તે ટકે છે. તેથી સિદ્ધોને વીતરાગ કહીશું. સર્વ સિદ્ધોમાં વીતરાગપણું હંમેશ માટેનું છે. પારિણામિક કારણો પારિણામિક કાર્યારૂપે પરિણમે છે વીતરાગપણું સર્વકાળ સિદ્ધોમાં રહેવાનું. કેવળજ્ઞાન અને કેવળદર્શન ક્ષાયિકભાવે સર્વદા રહેવાનાં છે. કારણ કે તે કાય–

અનંત ઉપકારીઓએ વસ્તુતઃ ધર્મ અને મોક્ષ એ બે જ પુરુષાર્થ માન્યા છે, અર્થ તથા કામને પુરુષાર્થ માનેલ નથી.

રૂપે પરિણમે છે તેથી જ તે પારિણામિક કારણ છે. સમ્યગ્-
દર્શનાદિ મોક્ષનાં પારિણામિક કારણ છે. દાન, શીલ, તપ, ભાવ
ચાર કારણ છે તે અપેક્ષાકારણ છે. પારિણામિક કારણો પૈકી
સમ્યગ્દર્શનાદિ ત્રણ કારણ છે, તેમાં પ્રથમ કારણ કયું ખૂલે?
સમ્યક્ચારિત્ર પ્રથમ ખૂલતું નથી પણ સમ્યગ્દર્શન ખૂલે છે.
સમ્યગ્દર્શનની જેમ સમ્યગ્જ્ઞાન પણ ખૂલતું નથી. પહેલાં
દર્શન ખૂલે. આરાધનામાં જ્ઞાન શબ્દ વાપરીએ છીએ જગતમાં
કોઈપણ ધર્મ તહેવાર વગરનો નથી. દરેક ધર્મ તહેવારવાળા છે.
તે તે દર્શનના તહેવારનું તત્ત્વ ને જૈનધર્મના તહેવારનું
તત્ત્વ જુદું છે. તે તે દર્શનના તહેવારનું તત્ત્વ
જુઓ તો જુગાર, રાસ, રામલીલા, રંગ-ક્રીડા, ભોગ-ભંગ
ભાનાં દર્શનાદિ. એ લોકોના તહેવારમાંથી એકપણ
તહેવાર સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રને પોષનાર નહિ નીકળે.
ચાહે બ્રાહ્મણ, વૈષ્ણવ, મુસલમાન કોઈ પણ ધર્મના તહેવારો
સમ્યગ્દર્શનાદિના રસ્તે જોડનાર તહેવાર નથી રંગ અને
રાસ-લીલામાં હાજર માનનારાઓ ચારિત્રને ચકડોળે ચડાવે.
જિનેશ્વરને દેવ માનનારા ચારિત્રને ચકડોળે ચડાવે તે ન પાલવે.
લુચ્ચો ચોર જેમ ચોરી કરી નીકળે પછી પોતે જ ચોર ચોર કહી
દોડે તેમ આ પીળા ચાંદલા-રૂપમાં વેશનાં ચાળાં કરનાર
ચારિત્રનો ચૂરો કરી નાંખે છે. પોતે શાસનની હીલના કરે ને
પાછળથી શાસનની હીલના થાય છે એમ કહે છે. તે બાવા ચોર
જેવા છે. પોતે [illegible] છાપાંથી કાગળોથી શાસનની
વગોવણી કરતા છે. અને ચકોર ચોર માફક શાસનની હીલનાની

કલ્પના કરતાં આચરણા અતિવિશિષ્ટ છે. કલ્પનાના ભોગે પણ
આચરણાનું સંરક્ષણ વધુ આવશ્યક છે. આચરણાના ભોગે કલ્પનાની
[illegible] એ કેવળ નિર્ધ્વંસ છે.

બૂમ મારીને વાતો કરવી છે. અહીં શાસનની હેલનાની બૂમો મારનારા શાસનની હેલના કરનારા છે. હેલના કહેનારા જ હેલના કરનારા છે. એક નાનું દૃષ્ટાન્ત તપાસો. એક છોકરાના લગ્ન થવાની તૈયારી હતી. છોકરાને વૈં નથી આવતી એવું એક ડોશીએ કીધું. મેં વૈં આવે છે એમ ક્યારે કહ્યું હતું ? લુચ્ચી ઘરડી પાડોશણ આમ કહી વિવાહ રોકાવે છે તેવી રીતે ધર્મની વાતમાં સુધારકોનાં કથન ધર્મીઓ સમજતા નથી. જેઓ વિષયાનંદમાં બ્રહ્માનંદ માની રહ્યા હોય તેવાઓને જૈનદર્શનના સમ્યગ્દર્શનાદિ પોષનારા પર્વોનાં કાર્યો ન રુચે તે સ્વાભાવિક છે પણ જૈન કુળમાં જન્મેલાને સમ્યગ્દર્શનાદિ ન રુચે તેવાને શું કહેવું ? જૈનનાં પર્વો ત્રણ રત્નનું પોષણ કરનારાં છે.

રત્નત્રયીના સેવનના ધ્યેયપૂર્વકનો જૈન તહેવાર

એકે પર્વ તહેવાર સમ્યગ્દર્શનાદિના ધ્યેય સિવાયનું નથી મોક્ષનું પારિણામિક કારણ એ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર છે એમાં ત્રણેના કારણ તરીકે જ્ઞાન જરૂરી છે. પક્ખી ચોમાસી સંવત્સરીનું તપ ન કરનારને ગુનેગાર ગણ્યો. તેમ જ્ઞાન પંચમીનું તપ ન કરનારને મહા નિશીથમાં ગુનેગાર ગણ્યો. નાણપંચમી-જ્ઞાનપંચમી વિગેરેમાં તપ ન કરે તે ગુનેગાર શિક્ષાપાત્રને દંડ દેવો જોઈએ. જ્ઞાનના પર્વમાં તપસ્યા ન કરનારને શિક્ષાપાત્ર ઠરાવ્યો. ક્યારે શિક્ષાપાત્ર ઠરાવ્યો હશે ? જૈનશાસનના પર્વને ઉત્તમ માન્યા વગર શાસ્ત્રકારથી શિક્ષાપાત્ર ઠરાવાય ખરો ? આ વાત લક્ષમાં લેશો તો જૈન-શાસ્ત્રકારે જ્ઞાનને કેટલી ઊંચી હદે રાખેલું છે ? જ્ઞાનની ઉત્તમતા કેટલી માનેલી છે કે તે માટે નિયત કરેલો દિવસ આટલો બધો

અનાદિ દુઃખની પરંપરાનું કારણ અનિષ્ટ સંયોગો છે. માટે અનિષ્ટ સંયોગોની સામે મોરચો કરો.

ઉત્તમ ગણાયો. તો તે દિવસે તપસ્યા ન કરે તો શિક્ષાપાત્ર

પર્વતિથિ અને અપર્વતિથિમાં ફરક શો ?

કેટલાક એવા છે કે આજે ઉપવાસ કરો તો લાભ અને આવતી કાલે કરે તો શી અડચણ ?, ત્રીસે દહાડા સૂર્ય સરખો ઊગે છે. એમાં આઠમ ને પાંચમ વળી શી ?, ચોવીસે કલાક ઘડિયાળ સરખી ચાલે છે તો ઉધરસનું ખુંખું રાત્રે કેમ કરો છો ?, ત્રીસે દહાડા સરખા તો માંદા માટે ચૌદશ અને અમાસ ભારે કેમ ગણો છો ? ચાર દહાડા સરખા તો ચોથીયાએ તે દહાડે ગમકારો કેમ બતાવ્યો ?, શરીરની પ્રકૃતિમાં વિકાર કરવામાં કાળ એક વિચિત્ર સાધન છે. શરીરની પ્રકૃતિના વિકારમાં વખત તિથિ ટાઈમ ને સાધન માનો છો તો પછી જગતના બનાવમાં શું એ સાધન નથી ? આજે મૃગશિર નક્ષત્ર છે માટે વરસાદ આવે તો જીવોની ઉત્પત્તિનો પાર નહિ રહે. મઘાનું પાણી કેમ સંઘરાય છે ? ટાંકાં મઘામાં કેમ ખુલ્લા મેલાય છે ?, નક્ષત્ર ઉપર તમે આધાર રાખ્યો. ૨૭ નક્ષત્ર સરખાં ગણવાં હતાં ને ? પાણી ઉપર નક્ષત્ર ઉપર જીવોત્પત્તિ માટે જુદા નક્ષત્રનું જુદું ફળ કેમ ગણ્યું. તેમ અહીં આત્મામાં આયુષ્યને [illegible] તિથિને દહાડે ઘણે ભાગે થાય છે. માટે તિથિ પાળવાની જરૂર છે. જેમ આંબે લાલાશ થઈ હોય તો વખતે તેની છાયામાં નુકશાની છે. વિરાધના વર્જનીય છે. વિરાધના [illegible] મોટી હોય અને તે વિરાધના જેટલી નુકશાન કરે તે કરતાં તિથિના દિવસે અલ્પ આરંભ મોટું નુકશાન કરે. તિથિને દહાડે એક લીલોતરીની વિરાધના તે [illegible] આત્માની ગતિ બગાડનાર થાય છે. તિથિ પાલન કરવી જ

જોઈએ. તેને અંગે જ્ઞાનપંચમી માટે આ જ ટાઈમ પસંદ કર્યો છે. ખૂબ વિચારીને તપાસો તો પુસ્તકને ભંડારમાંથી બહાર કાઢવાનો ટાઈમ આ છે. હવા ભીનાશ કાઢવા માટે આ ટાઈમ છે શ્રુતજ્ઞાન આરાધન કરવા માટે પુસ્તક કાઢો. પૂજન-આરાધન કરી બરોબર પુસ્તક બાંધો. બરુ કાગળ લાવી જ્ઞાન-આરાધન કરો.

સમ્યગ્જ્ઞાનનો વેગ વધારવા માટે જવાબદારીનું ભાન નથી

જ્ઞાન આરાધનને અંગે વસ્તુપાળ તેજપાળ સરખાએ કરોડો સોનૈયા ખર્ચી જ્ઞાનના ઉદ્ધાર કર્યા. જ્ઞાન સાચવવાનું કેટલું સૂઝ્યું? માસ્તરના અભાવે તમને છોકરાની કેટલી લાગણી થઈ? તમારી જવાબદારી કઈ વધી છે? તે સમજો જગો જગો પર બોલો છો કે દીક્ષાનો ડંકો વાગ્યો. બાળદીક્ષા હોય તો શાસન ટકે તમારા શબ્દો તમારી જવાબદારી વધારે છે બોલેલા શબ્દો નકામા નથી. પણ એ શબ્દોને અંગે જવાબદારી આવી પડી છે. લોકોના બચ્ચાંને દીક્ષિત કરો ને ભવિષ્યમા હીરા ન બનાવો તો તે જવાબદારી તમારા માથે છે. બાળદીક્ષિત કર્યા એટલે સાધુ અને શ્રાવક બન્ને શાસનમાં હીરા પાકશે એ હિસાબે દીક્ષિત થયા. સાધનો પૂરા પાડવાની જવાબદારીમાથી તમે નીકળી શકો તેમ નથી એક ગામમાં ૧૫૦ ભણનાર હોય તો ફરજિયાત સ્કૂલ ખોલવી પડે. ૬૦૦ સાધુને અંગે સવડ કઈ કરી છે? તમે ઉજમણાં ઓચ્છવ કરો છો. હજારો તમે ખર્ચો છો પણ દીક્ષા કેમ ભૂલી જવાઈ છે? તમારા છોકરાને ધાર્મિક ભણાવવા માટે—જિલ્લે જિલ્લે જૈન શાળાઓ છે, પણ સાધુ-સાધ્વીને અંગે શું છે? મુંબઈ, સુરત, અમદાવાદ ગમે તે ગામમાં જુઓ અને તે

લોકોત્તર માર્ગની સાધના લૌકિકદૃષ્ટિ વળગી રહે ત્યાંસુધી નહિ થાય

ગામવાળાને કહો. દશ વરસની જવાબદારીમાં શું જવાબ આપશો તમે હીરા કરવાની જવાબદારી લીધી છે તેનો ખ્યાલ તો કરો. શાસનના રાગીને અંગે તે જવાબદારી લેવાની જરૂરી છે. આજકાલ રાંડીરાંડના રૂપિયાની સ્થિતિ કઈ કરો છો? જ્ઞાનની વિરાધના કરતા મટો. જ્ઞાનનો પૈસો જ્ઞાનને રસ્તે ન ખર્ચો તેજ જ્ઞાનની વિરાધના છે. તમારી જોખમદારી યાદ કરો. સ્વતંત્ર મોટર ડ્રાઈવર રાખો તો રૂા. ૧૫૦નો પગાર આપવો પડે. સાધુ માટે પંડિત કોણે રાખ્યા? કોઈ પણ સાધુ આવે તે માટે કઈ સગવડ કરી? એ માટે શાસ્ત્રકારે પંચમી જ્ઞાનપંચમી કહી તેની શ્રુતપંચમી કહી છે. તે શ્રુતને આધારે જ શાસન છે. તે તરફ લક્ષ ન જાય તો આરાધન શું ગણવું? **દીવાળીથી ગૌતમનું કેવળજ્ઞાન પછી સુધર્માસ્વામી પાટે બેઠા પછી પ્રથમ પર્વ જ્ઞાનપંચમી.** તે માટે જ્ઞાનનું લક્ષબિન્દુ બરોબર રહે તે જ્ઞાનપંચમી આખો તહેવાર નક્કી કર્યો. હવે જ્ઞાન કયું? તો કે મતિ–શ્રુત અવધિ મનઃપર્યવ ને કેવળજ્ઞાન. આ પાંચ જ્ઞાનો કલ્પિત નથી. अ ब क ड જેવાં કલ્પિત નથી. આ પાંચે ચીજો આત્માના ધર્મરૂપ છે. તેથી તેને રોકનારાં કર્મો માની શકીએ છીએ. માટે પાંચ પ્રકારનું જ્ઞાન વાસ્તવિક ચીજ છે. જ્ઞાનનું વર્ગીકરણ લો. તમારાં સાધનોથી તમને એક જ્ઞાન થાય તે પ્રથમ દુનિયામાં દરેક જીવને જન્મની સાથે સ્વાભાવિક જ્ઞાન કરવાની સત્તા છે. તે મતિજ્ઞાન ઇંદ્રિયને મનથી થતું જ્ઞાન તે સાહજિક જ્ઞાન–સ્વાભાવિક જ્ઞાન, બીજું જ્ઞાનાદિ બીજાના સંકેતથી થનારૂં જ્ઞાન સંકેતથી થતું જ્ઞાન તે શ્રુતજ્ઞાન ઇંદ્રિય મનથી થતું જ્ઞાન તે સાહજિક જ્ઞાન સ્વાભાવિક જ્ઞાન બીજું

ધાર્મિકનિષ્ઠ અને રાજ્યની લાગણી સિવાય કોઈ પણ આત્મા [illegible] સ્વતંત્રતા હાથ કરી શકશે નહીં [illegible]

બીજાના સંકેતથી થનારૂં જ્ઞાન અગર સંકેતથી થતું જ્ઞાન તે શ્રુતજ્ઞાન. ઇંદ્રિય મનથી થતું જ્ઞાન તે સ્વાભાવિક મતિજ્ઞાન. બહારનાં સાધનો વગર દૂરની વસ્તુ જાણે તે અવધિજ્ઞાન. તેમ દૂર કે નજીક રહેલા મનુષ્યો કે જાનવરના વિચારનું જ્ઞાન તે મનઃપર્યવ જ્ઞાન. રૂપી કે અરૂપી સર્વ જે જ્ઞાનદ્વારાએ જણાય તે કેવળજ્ઞાન. આમ વસ્તુસ્વરૂપે જ્ઞાનના પાંચ વિભાગ પાડયા છે. આત્મામાં સ્વભાવરૂપે એવાં આ જ્ઞાનો છે. પાંચે જ્ઞાનો દરેક સૂત્રની આદિમાં કહેવાં જ પડે છે. તે જ રીતિએ શ્રી ભદ્રબાહુ-સ્વામીજીએ પાંચ જ્ઞાન કહ્યાં છે. હવે તેનું આરાધન કરવા માટે દરેકે ઉદ્યમવંત થવું, એ જ જ્ઞાનપંચમી શ્રુતપંચમીનું આરાધન છે. હવે આગળ શાસ્ત્રકાર શું જણાવે છે તે અગ્રે વર્તમાન.



જિનેશ્વર મહારાજની મૂર્તિનો અચિંત્ય પ્રભાવ

ભગવાન્ જિનેશ્વર મહારાજના વખતમાં પણ શ્રેણિક મહારાજા સરખા ક્ષાયિક સમ્યક્ત્વને ધારણ કરનારાના પુત્ર અભયકુમાર કે જેઓ આખા જૈનવર્ગમાં બુદ્ધિના નિધાન તરીકે પ્રસિદ્ધ છે, તેવા શ્રી અભયકુમારે અનાર્યક્ષેત્રમાં ઉપજેલા નરને જૈનધર્મ પમાડવા માટે એટલે વીતરાગના શાસનમાં માટે, બીજું પુસ્તક રજોહરણ વગેરે ન મોકલતાં, ભગવાન્ ઋષભદેવજીની મૂર્તિ કેમ મોકલી? આ ઉપરથી એ વાત તો નિર્વિવાદ સિદ્ધ થાય છે કે ક્ષેત્રાન્તરે કાલાંતરે ભુવનાંતરે કે લોકાન્તરે વીતરાગતાનું ધ્યેય ઉત્પન્ન કરનાર અને વીતરાગતાના માર્ગની જિજ્ઞાસા ઉત્પન્ન કરી વીતરાગ ભગવાનના માર્ગને મેળવી આપનાર અપૂર્વ અને અજોડ એવું જો કોઈ પણ સાધન હોય તો તે માત્ર ભગવાન્ જિનેશ્વરમહારાજની મૂર્તિ જ છે.

ભવિષ્યકાળના ઇતિહાસને શોધનારાઓ જો જૈનશાસનનું ધ્યેય-જૈનશાસનની મહત્તા, જૈનશાસનનો પ્રચાર અને જૈનશાસનની જાહોજલાલી જણાવવાને સમર્થ થઈ શકશે તો તે માત્ર ભગવાન જિનેશ્વરમહારાજની મૂર્તિઓ અને તેમના ચૈત્યોને આધારે જ થઈ શકશે.

—આગમોદ્ધારક